
# અધ્યાત્મ


વર્ષ : ૮
અંક : ૬
જૂન : ૧૯૮૭

## * સદ્‌ભાવભરી ભેટ *

દિન પ્રતિદિન વધતા જતા ભાવોની આજની પરિસ્થિતિમાં, અધ્યાત્મને આર્થિક ટેકારૂપ સદ્‌ભાવભરી ભેટની સરવાણી છે. વાંચકો આવી સહાય મોકલતા રહે છે, એટલે જ માત્ર રૂા. ૧૫ ના વાર્ષિક લવાજમમાં અધ્યાત્મ પ્રસિદ્ધ કરી મોકલી શકીએ છીએ.

અત્યારની પરિસ્થિતિમાં એક અંકની કિંમત કાગળ છપાઇ સાથે રૂા. બે જેવી થઈ ગઇ છે.

છેલ્લે મળેલ ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ–

રૂા.
૧૦૧ શ્રી સીતાબેન લલ્લુભાઇ ભક્ત, પુત્રના પરદેશગમન નિમિત્તે.
૧૧ શ્રી વીણાબેન ઠાકોરભાઈ દેસાઇ, સુરત.
૨૧ શ્રી કોકિલાબેન બારોટ, શ્રી મધુસૂદન બારોટની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે.
૨૫ શ્રી રાજેન્દ્ર ભટ્ટ, બારડોલી.
૫૧ ભાવનગરના એક સાધકભાઇ તરફથી.
૫૧ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, શ્રી જે. વી. ભટ્ટના સ્મરણાર્થે.
૧૦૦ એક સુરતના સાધક તરફથી.
૧૮૧ શ્રી ઈશ્વરભાઇ ભક્ત, કપૂરા.
૨૫ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી. પરીક્ષામાં પાસ થતાં બઢતી મળતાં.
૨૧ રાજેન્દ્રભાઇ એન. જાની, રાજકોટ. બઢતી મળતાં.

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૮ અંક : ૯ છૂટક નકલ ૩–૦૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫–૦૦ વિદેશમાં રૂા. ૧૨૫–૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : ૨૮૬૯૩
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત (૩) | મા સર્વેશ્વરી | ૩ |
| 'અમે સ્વામિનારાયણ' | સાધુ પ્રીતમપ્રસાદદાસ | ૭ |
| જ્યોતિર્મયી વિશ્રામગૃહ | તંત્રી | ૯ |
| ક્ષણની સંપદા | ભાઈલાલભાઈ છાટબાર | ૧૧ |
| જીવો તો એ રીતે જીવજો | પ્રેમલાલ સીનેરાજા | ૧૪ |
| શરણમાં તો હવે લેજો | પરમાર્થી | ૧૫ |
| પ્રેમ હોય તો મળે | યોગેશ્વર | ૧૬ |
| સાચી કેળવણી | ડો. રણજીત પટેલ | ૧૭ |
| વિદ્યા | કમલ સુથાર | ૨૨ |
| અણધારી યાત્રા | નારાયણ હ. જાની | ૨૫ |
| સંતોનું પ્રદાન | ભરતભાઈ ભક્ત | ૪૦ |
| ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ શ્રીફળ અને કુમકુમ ચાંલ્લો (૨) | પુષ્કર ચંદરવાકર | ૪૫ |
| વ્રતોત્સવ (૩) | કલ્યાણ | ૫૩ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૮ જુન-૧૯૮૭ અંક : ૯

## શ્રી યોગેશ્વર કથામૃત (૩)

વિક્રમ સંવત ૨૦૩૬ શ્રાવણ સુદ પાચમ ને શુક્રવાર તારીખ ૧૫/૮/૧૯૮૦.

### પ્રાગટ્યદિન મહોત્સવ

સ્થળ : 'પ્રયાગ' શ્રી નંદુભાઈ ચા વાળા, નરસિંહનગર સોસાયટી નારણપુરા ચાર રસ્તા બેન્ક પાસે અમદાવાદ.

પૂ.શ્રીને આજે અસ્વસ્થતા છે એટલે મેં દલીલ કરી આજે વ્યાયામ નહીં કરો તો નહીં ચાલે ? પણ પૂ.શ્રીએ કહ્યું, શીર્ષાશન વિ. કરી લઉં જેથી સ્ફૂર્તિ રહે અને શીર્ષાશન પછીની નિયમિત કસરતો પણ બધી જ કરી સ્વસ્થ પ્રયત્ન હતો.

પૂ.શ્રીએ સ્નાન કરીને "આજના જન્મદિને પરમશક્તિ શું સંદેશો આપે છે તે જોઈએ" એમ કહી ડાયરી લીધી. પરમશકિતનો આશીર્વાદનો સંદેશ નીચે મુજબ મળ્યો.

"ઈશ્વરસદૃશ મહાત્મા પુરુષને માટે શું પ્રાર્થું ? શું ઈચ્છું ?

દીર્ઘ, અમર જીવન, દિવ્ય કાર્યો, શાંતિ, સિદ્ધિ, યશ, મારુ દિવ્ય સતત અનુસંધાન."

બરાબર સાડા આઠ વાગ્યે દ્વાર ખુલ્યાં. ઘરનાં સૌ નંદુ-

ભાઇ સાથે આવી ગયાં છે. પૂ.શ્રીને ફૂલહાર પહેરાવી વંદન કર્યાં. ત્યાંજ અમદાવાદ ધ્યાન કેન્દ્રની થનગનતી સેવામૂર્તિ શ્રી બાબુભાઇ, શ્રી નારાયણભાઇ સાથે આવી ગયા, થોડીક ઔપચારિક વાતો કરી.

પૂ. શ્રી ( બાબુભાઇને ):–જન્મદિન જેનો હોય તેને બધા શુભેચ્છા આપે છે પણ આજે હું તમને સૌને શુભાશિષ આપુ કે તમે સૌ સારાં કાર્યો કરી સુખી થાઓ. શ્રી નંદુભાઇ ( હાથજોડીને ):–અમે આજે ધન્યતા અનુભવીએ છીએ કે આપ આજના મંગલદિને અમારે ત્યાં છો.

પૂ.શ્રી:–અમને તમારું ઘર ગમ્યું છે ફક્ત દાદર ઊંચો હોવાથી જરા મુશ્કેલી છે પણ એકંદરે સારો ઉતારો છે.

સૌ પ્રણામ કરી વિદાય લે છે. પૂ.શ્રીએ કહ્યું કે આજે મારે આરામની વધુ જરૂર છે. અને જપ પણ બાકી છે તેથી મારા રૂમમાં જ આરામ ને જપ કરીશ. પૂ.શ્રીનું મેં દ્વાર બંધ કર્યું. હું મારો રામાયણ પાઠ કરવા બેઠી ત્યાંજ મેં જેમને સંદેશો આપી બોલાવ્યા હતાં તે ) શ્રી હરિભાઇ ભોજાણી આવ્યા. ઉત્સવ નિમિત્તે થનારા સૌના વકતવ્યોના વિષયો વિષે સૂચનાઓ આપી. ત્યાં તો પૂ.શ્રી પોતાના રૂમમાંથી 'યે કૌન હૈ' એવા ગંભીર જાણે નાટકના કુશળ નટની જેમ બોલતા બોલતા બહાર આવ્યા. મેં અને શ્રી હરિભાઈ ભોજાણીએ પ્રણામ કર્યાં. પૂ.શ્રીએ શ્રી હરિભાઇને અમારી સાથે જ મોટરમાં બેસીને હોલ ઉપર આવવાનું આમંત્રણ આપ્યું. ત્યાંજ શ્રી જીતુભાઈ પણ આવી ગયા. અમે સૌ હોલ ઉપરના કાર્યક્રમમાં હાજરી આપવા નીચે આવી ગાડીમાં ગોઠવાયા.

શ્રી સત્તર તાલુકા ઔદિચ્ય હોલ, નવજીવન પાસે, હાઈકોર્ટ સામે, નવરંગપુરા, અમદાવાદ. પૂ.શ્રીના પ્રાગટ્યદિનનો



મહોત્સવ આ સ્થળમાં રખાયો હતો.

ગુજરાતમાં ગયા વરસે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ જાહેરમાં સૌપ્રથમ વાર શ્રી બાબુભાઈએ જ અમદાવાદમાં ગોઠવ્યો હતો તેમ પૂ.શ્રીનો પ્રાગટ્યદિન પણ પ્રથમવાર ગુજરાતમાં જાહેરમાં ગોઠવવાનો યશ શ્રી બાબુભાઇ વોરાને ઘટે છે.

આ ઉત્સવમાં ભાગ લેવા મોરબી, રાજકોટ, પાલનપુર, કપુરા, વડોદરા, ભરૂચ, સુરત વિ. શહેરોમાંથી સાધક ભક્તો આવ્યા હતા.

સૌ વક્તાઓએ પોતાની રીતે પૂ.શ્રીના જીવનવિષે ન્યાયોચિત વાતો કરી. શ્રી નારાયણભાઇ જાની, શ્રી બાબુભાઇ વોરા, શ્રી હરિભાઇ ભોજાણી, શ્રી ઈશ્વરભાઇ ભક્ત, શ્રી વિનુભાઈ અમીન વિ. સૌ વકતા તથા મને પણ સૂચના મળી જેથી મેં પણ ટૂકાંણમાં 'પૂ.શ્રી મારી દૃષ્ટિએ' એ વિષય ઉપર થોડી વાતો કહી. જેમાં પૂ.શ્રીની સરળતા–નમ્રતા–પવિત્રતા ને સાદાઈની મૂર્તિ અને સાધનાના સર્વશ્રેષ્ઠ શિખરે બિરાજેલા ઋષિ તરીકે અંજલિ આપી અને સવારે મળેલા પરમશક્તિના દિવ્ય સંદેશની વાત કરી.

લગભગ એક વાગ્યા પછી પૂ.શ્રીને પણ કાંઈક બોલો એવી વિનંતી શ્રી બાબુભાઈએ કરી જેથી પૂ.શ્રીએ ખૂબ લાગણી શીલ બનીને શ્રી બાબુભાઇની સેવાને અને શ્રી નારાયણભાઈની કાર્યશક્તિને અભિનંદન આપી એ બન્નેની સેવા સુવર્ણઅક્ષરે લખાશે એવી વાતો કરી તથા થોડી પ્રસંગોચિત વાતો પણ કરી

સૌ ભકતો સાથે સમૂહભોજન લીધું પણ પૂ.શ્રીને એ ભોજન જરાપણ ફાવ્યું નહીં, છતાં થોડું લીધું. સંતપુરુષો કે જેઓ માંદગીને બિછાનેથી ઉઠ્યા હોય તેનો વિચાર કર્યા વગર, તેઓની અનુકૂળતાનો વિચાર કર્યા વગર પોતાની

ભાવના પૂર્ણ કરવા તેમને તકલીફ પહોંચાડવાનો શો અર્થ ? છતાં સૌના પ્રેમભાવને કારણે પૂ.શ્રીએ ત્યાં અતિસૂક્ષ્મ ભોજન લીધું.

અમે ઉતારા ઉપર ત્રણ વાગ્યે આવી ગયા. આજે પૂ. માતાજી ચાર વાગ્યે આવનાર છે. એટલે છેક નીચે જ રૂમમાં સગવડ કરી છે. ચાર–ચાલીશે પૂ. માતાજી પધારે છે. પૂ.શ્રી બધાજ દાદરો ઉતરીને તેમને મળવા નીચે જાય છે. પૂ.શ્રી માતાજીને આઇસ્ક્રીમ ખૂબ ભાવે છે તેથી પૂ.શ્રી તે મંગાવી ખવડાવીને પછી ખાય છે. છ વાગ્યે સાંજના પ્રવચન માટે અમે સૌ એચ. કે. આર્ટ્સ કોલેજના હોલમાં જઈએ છીએ.

પૂ. માતાજી થોડો સમય હોલમાં બેઠાં પણ લાંબા વખત સુધી બેસી શકાય એમ ન હોવાથી પૂ. માતાજી વિદાય થયાં. પૂ.શ્રીએ પોતાના પ્રવચનમાં જીવનની વિશુદ્ધિ ઉપર ભાર મૂકી, અષ્ટાંગયોગની સાધના કેવી રીતે કરી શકાય તેની સુંદર સમજ આપી.

લગભગ નવ વાગ્યે હોલ ઉપરથી વિદાય થયા. માર્ગમાં પૂ.શ્રીને મેં કહ્યું કે ............બેન પ્રવચનમાં હતાં પણ પછી વધુ ન રોકાયાં કારણ કે શ્રાવણ માસમાં બીલીપત્ર ચઢાવવાનો નિયમ હોવાથી ઘેર ગયાં. એ સાંભળી પૂ.શ્રી કહેવા લાગ્યા તેમને કહેવું હતુંને કે બીલીપત્ર ત્યાં શું ચઢાવે છે ? એની સામે જ આ શંકર સાક્ષાત ઉતર્યા છે અહીં જ બીલીપત્ર ચઢાવી દો ત્યાં ચઢી જશે.

આ વાત સાંભળી અમને આશ્ચર્ય તો ન લાગ્યું કારણ કે અમારા અનુભવ પ્રમાણે અમારી સાથે જે દિવ્યપુરુષ છે તે સાચે જ સર્વશ્રેષ્ઠ દિવ્ય વિભૂતિ છે.

લગભગ સાડાનવે દૂધ ને કેળા લઈ પૂ.શ્રી આરામ કરે

( અનુસંધાન પૃષ્ઠ ૬૪ ઉપર )



# ‘અમે સ્વામિનારાયણ’

સાધુ પ્રીતમપ્રસાદદાસ

કાદુ મકરાણીને લાગ્યું કે કોઇક પીછો કરે છે. એણે પાછળ જોયું. એ ટેકરા પર હતો. તેને બે શિકારી કૂતરાઓ દેખાયા. કૂતરાઓ પોતાને પકડી પાડે એ શકયતા હતી. તેણે રસ્તો બદલવા વિચાર કર્યો. એકાદ માણસ માંડ જઈ શકે એવી કેડી એણે જોઇ. એણે ઘોડાને ઠેબૂં માર્યું. અને માથે રહેલી ઝાડની ડાળીએ ટીંગાયો. ઘોડો રેવાલ ચાલે સીધો નીકળી ગયો. કાદુ મકરાણીએ ડાળી પરથી ફંગોળાઈને ઝાડીમાં પડતું મૂકયું. એનું શરીર છોલાયું, પણ અત્યારે એણે તે ન ગણકાર્યું. કયાંક સંતાવા જગ્યા શોધવા લાગ્યો.

એક જગ્યાએ બંને કૂતરા આવીને અટકયા. એક કૂતરો સીધો ગયો. બીજો અટકીને ઊંચે કશુંક સૂંઘવા લાગ્યો. સરકારી ફોજ ત્યાં આવી પહોંચી.

‘બદમાશે અહીંથી રસ્તો બદલ્યો લાગે છે. વિરેન્દ્રસિંહ, તું સીધો જા. હું આ કૂતરાનો પીછો કરું છું.

કૂતરો આગળ દોડતો હતો. ઝાડીમાં શરીરમાં ઉઝરડા પડતા પાછો ફરતો હતો. લશ્કરના અધિકારીએ હાથમાં બંદૂક પકડીને કહ્યું : ‘આગળ જા !’

કૂતરો ઝાડી કૂદીને મેદાનમાં આવ્યો. અહીં જોરથી ભસ્યો. સાતસો સૈનિકોની વચ્ચે કાદુ મકરાણી ઝડપાયો. તેના વીસ–પચ્ચીસ સાગરીતો ઘેરાઈ ગયા. સામસામી ગોળીઓની ઝપાઝપી થઈ. કાદુ મકરાણીના બે ભાઇઓ મરાયા. કાદુ મકરાણીની ગોળીએ લશ્કરના અધિપતિને વીંધી નાંખ્યો.

લશ્કરમાં ભંગાણ થયું. તેનો લાભ લઈ કાદુ મકરાણી સાગરીતો સાથે નાઠો. ત્યારે રાત પડી ગઈ હતી.

એક ગુપ્ત જગ્યાએ પહોંચ્યા. અહીં સલડીના કરમશીભાઈ કાદુ મકરાણીના હાથે પકડાયા હતા.

'આ ભગતડો જેદિ'થી અહીં પૂજાપાઠ કરે છે ત્યારથી ઉપરા-છાપરી હાર થાય છે, આજે તને મારી નાખીશ. કાદુ મકરાણી તલવાર લઈને ધસ્યો.

'રહેવા દ્યો, આજે મારશો નહિ. એનાં સગાંવહાલાં પર જાસાચિઠ્ઠી મોકલો.' સાથીદાર સ્ત્રીએ કહ્યું. કાદુએ તલવાર મ્યાન કરી દીધી. કરમશીએ છેલ્લી પ્રાર્થના આરંભી. અચાનક ચાર ઘોડેસ્વાર ત્યાં દેખાયા.

'કોણ છો તમે? શા માટે અહીં આવ્યા છો?' કાદુએ હાકોટો કર્યો.

અમે જૂનાગઢના સૈયદ. તમારા ભાઈના ખરખરે આવ્યા છીએ.

'ઠીક ત્યારે.'

'પણ આ કોણ?'

'એ જે હોય તે. એનું આજે મોત છે.'

'અરે રે! એવું તે હોય? લ્યો આ નાણું, પછી કાંઈ?' કરમશીભાઈ છૂટા થયા.

'હું આપને નાણાં આપવા કયાં આવું?'

'અમે સ્વામિનારાયણ!' કહી ઘોડેસ્વાર ત્યાંથી અદૃશ્ય થઈ ગયો. દિવ્ય દેહે સ્વામી સહજાનંદજી ભક્તની વહારે ધાયા.

પાછળથી મહારાજે સલડી ગામમાં આ વાત કરમશીભાઈના મુખે કરાવી હતી.



અંબાજી ખાતેનું સ્વર્ગારોહણ તીર્થ–અનોખું યાત્રા અને સેવાધામ.

# જ્યોતિર્મયી વિશ્રામગૃહ

—તંત્રી

મોટા અંબાજી ખાતે પૂ. જ્યોતિર્મયી વિશ્રામગૃહ યાત્રાળુઓ માટે ઘણી સારી સુવિધા પૂરી પાડી રહ્યું છે. થોડા વખતમાં એણે સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે, તેનો થોડો ખ્યાલ ગાંધીધામ, કચ્છ ખાતે આવેલી ઇફ્કો કલબના વાઇસ પ્રેસિડન્ટ શ્રી બી. એમ. સોમાણીએ તા. ૧૭–૩–૮૭ ના રોજ લખેલ પત્ર ઉપરથી આવી શકે છે. એમનો આખો પત્ર અંગ્રેજીમાં છે, જેનો ટૂંક સાર આ પ્રમાણે છેઃ–

"અમારી કલબના સભ્યો સપરિવાર અજમેર, પુષ્કર, જયપુર અને અંબાજીના પ્રવાસે તા. ૧૭–૨–૮૭ થી ૨૩–૩–૮૭ દરમ્યાન ગયેલ. તે દરમ્યાન અંબાજી ખાતેના આપના વિશ્રામગૃહમાં અમારા સભ્યોને જે સુંદર વ્યવસ્થા તેમજ ખાસ વ્યક્તિગત સંભાળ સુલભ બનાવી તે બદલ અમે ખૂબ જ આભારી છીએ.

આ પ્રસંગે મેનેજરશ્રી તેમજ ત્યાંના સ્ટાફના માણસોએ જે સુંદર સેવાઓ આપી તેનાથી અમે ખૂબ પ્રભાવિત થયા છીએ." આ ઇફ્કો કલબ અધ્યાત્મ માસિકની આજીવન સભ્ય પણ બની છે.

ભાવનગરના શ્રી બાલુભાઇ રામજીભાઇ પટેલ તેમનાં પત્ની વિમળાબેન સાથે વિના વેતન અંબાજીમાં ઘણી સારી સેવા આપી રહ્યા છે. તેઓએ વિશ્રામગૃહમાં આવતાં

યાત્રાળુઓમાંથી તેમજ અંબાજીમાંથી સો કરતાં વધુ અધ્યાત્મના ગ્રાહકો નોંધ્યા છે. એટલું નહિ પણ લગભગ રૂા. ૨૦૦૦ જેટલી ભેટ યાત્રાળુઓએ આ સંસ્થાને છેલ્લા નવ માસમાં સ્વેચ્છાએ આપી છે, તેનું કારણ સંસ્થાના સંચાલકની પ્રેમભાવભરી સંભાળ છે.

દર રવિવારે આસપાસની પછાત વસ્તીનાં બાળકોમાં પ્રભુના નામજપના સંસ્કારોના સિંચન માટે પૂ. મા સર્વેશ્વરી તરફથી પ્રસાદ પણ આપવામાં આવે છે. આ પ્રસંગે બાળકો સમૂહમાં પ્રભુના નામની ધૂન બોલે છે. આમાંના ગરીબ બાળકો જે નાની નાની બિમારીઓનાં ભોગ બનેલ હોય તેમની શ્રી બાલુભાઈ પોતે પ્રેમથી દવા પણ કરે છે. આમ તેઓની સેવા અને સદ્ભાવથી શ્રી બાલુભાઈએ આસપાસના અને અંબાજીમાં નિયમિત આવતા યાત્રાળુઓમાં સારી એવી ચાહના અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. એક સારી વ્યક્તિ સંસ્થાને કેવી પ્રતિષ્ઠા અપાવી શકે એનું ઉત્તમ ઉદાહરણ શ્રી બાલુભાઈએ પૂરું પાડયું છે.

આ વિશ્રામગૃહને સારૂં બનાવવામાં શ્રી બાબુભાઇ વોરા તેમજ શ્રી શાન્તિભાઈ સી. મહેતાની નિઃસ્વાર્થ સેવાઓનો ફાળો પણ નાનોસૂનો નથી.

ફૂલની સુવાસની જેમ નિઃસ્વાર્થ સેવા અને સદ્ભાવની સુવાસ પણ કદી છાની રહી શકતી નથી.

અંબાજી જતા યાત્રાળુઓ સ્વર્ગારોહણ તીર્થમાં પૂ. શ્રી યોગેશ્વરજીના ધ્યાન ખંડની મુલાકાત પણ અવશ્ય લે. તેનાથી યાત્રાનો સાચો આનંદ અને મનની શાંતિ પ્રાપ્ત થશે. અંબાજીની યાત્રા પ્રસંગે, દાંતા રોડ પર આવેલ સ્વર્ગારોહણ તીર્થની મુલાકાત લેવા વાંચકોને ભલામણ છે.



# ક્ષણની સંપદા

ભાઇલાલભાઈ છાટબાર

એક ઝેન કથા છેઃ

ચીનમાં એક ઝેન પ્રબોધક તાકયુઆન થઇ ગયા.

એક દિવસ એક જમીન–જાગીર સંપન્ન ઉમરાવે સમય પસાર કરવા માટે એમની સલાહ માગી.

તાકયુઆને ચાઇનિઝ શબ્દોમાં આ પ્રમાણે પંક્તિઓ લખી આપી.

આજનો દિવસ બીજી વાર ના મળે,<br>
એક ઘડીનું મૂલ્ય એક મોટા હીરા સમાન છે,<br>
આજનો દિવસ ફરીથી નહિ આવે,<br>
પ્રત્યેક ક્ષણ અણમોલ રત્ન જેટલી મૂલ્યવાન છે.

૧૯૬૨માં ચીને ભારત પર આક્રમણ કર્યું તે વખતના આપણા પ્રધાનમંત્રી શ્રી નેહરુજી ઉદ્વિગ્નમને પ. પૂ. મા આનંદમયીના દર્શનવંદન કરી હળવા બનવા ગયેલા.

પ. પૂ. મા સમક્ષ વિનમ્ર ભાવે એમણે નિવેદન કર્યું;– અને દિવ્ય સ્મિતથી દેદીપ્યમાન શ્રી માના શ્રી મુખેથી શબ્દ સર્યા–"ચોવીશ કલાકમાં નિશ્ચિત સમયે મને માત્ર એકક્ષણ આપો."

સુક્ષ્મતમ સ્તરે હૃદય, દિવ્ય ચૈતન્ય સાથે એક તાર થઇ દિવસમાં નિશ્ચિત પળે એક વાર જોડાયેલું રહે તેવો તે શબ્દોમાં સંકેત હતો.

ક્ષણ તેની દિવ્ય સંપદા લઈને આવી હતી. ક્ષણ રોકાતી નથી.

મહામોલી ક્ષણ સરી ગઇ.

ક્ષણ એટલે સમય અને સમય એટલે ગતિ. જીવન એટલેય

ગતિ. સમગ્ર જીવન નહિ પણ તેના પ્રવાહમાં ઝગમગતી કોઈ કોઇ ક્ષણ જ પુરુષાર્થની, પરકમ્માની અને પરોપકારી હોય છે–પ્રેરણા, ઉત્થાન અને આનંદની હોય છે.

ક્ષણ સરકી જાય તે પહેલાં ક્ષણને પામી લેવામાં આનંદ છે.

ક્ષણનું પરિવર્તન એ જ જીવનનું પરિવર્તન. જીવનનું રહસ્ય ક્ષણને પામવામાં અને તેને જીવનમાં પ્રતિષ્ઠિત કરવામાં રહેલું છે.

નિરવધિ કાળ વ્યક્તિના હાથમાં નથી હોતો–આયુષ્યનો સમયગાળો વ્યક્તિના હાથમાં હોય છે. સાંપડેલી ક્ષણનો સદ્ ઉપયોગ કરી લેવાનું તેના હાથમાં હોય છે.

ક્ષણને ઓળખતાં અને ક્ષણને પકડતાં જેને આવડે છે તેને જીવન જીવતાં આવડે છે.

આજ અત્યારે વર્તમાન ક્ષણે જે પ્રત્યક્ષ છે, તેને સુંદર–સુંદરતર થવા દઈએ; તે 'ના' હોય ત્યારે તેનું 'ના હોવાનું' પણ સુંદર છે.

આનંદ–આલોક ક્ષણિક હોય તો પણ તે દિવ્ય વરદાન છે. તેની એક ક્ષણ ઉપર સો સુરક્ષિત જીવન ન્યોછાવર છે.

કાળનો પ્રવાહ પણ પ્રવાહ નથી–કેવળ ક્ષણ, ક્ષણ અને ક્ષણોનો સરવાળો છે. 'કાળપ્રવાહ' કેવળ એક ઉદ્ભાવના–એક યુક્તિ-સત્ય છે. સીત્તેર વર્ષની આયુના સમય–અંતરાલમાં વાસ્તવિકતા ક્ષણની જ છે. ક્ષણ સનાતન છે.

હરેક ક્ષણ એક સીમાંત છે. આત્માના પ્રદેશમાં સીમાંત પ્રત્યેક ક્ષણ–પ્રત્યેક શ્વાસે–પરિવર્તન પામી શકે છે.

ક્ષણમાંથી નિપજતો જીવનરસ પામવો એ લ્હાવો છે.

જીવનનદીના પ્રવાહમાં અનુભૂતિના દ્વિપ અતિ મહત્ત્વના છે. જો મનુષ્ય અંતર ભેદી, થોડુંક ઊંડે ઊતરી નીચે અંતરાત્મના સ્તરને આંબી જાય–કે જ્યાં ભાવજગતની સંવેદનશીલતા ધબકી રહેલી છે–તો તેને આંખને આંજી દે તેવી કોઈ દિવ્ય



અનુભૂતિ થાય છે.

પ્રત્યેક ક્ષણ સારાય નિજી અનુભવોનો પુંજ રચે છે.

જીવનમાં 'ચરમ પરમ-આનંદની ક્ષણ'ની અનુભૂતિ વિના વ્યક્તિ અધૂરી છે.

'આનંદ' મન પારના પ્રદેશની એક અવસ્થા છે કે જેનું ક્ષણે ક્ષણની અનુભૂતિઓ દરમ્યાન પણ અસ્તિત્વ હોય છે અને તેની સત્તા સર્વોપરિ હોય છે.

દરેકના જીવનમાં 'જીવનની પાકી ઘડી' આવે છે–નિર્વિચાર, નિર્વિકલ્પ અને નિઃસ્પંદ સ્થિતિમાં, એ મનથી પાર લઇ જતી, 'અનંત'નો સ્પર્શ પામતી ઘડી છે.

પ્રત્યક્ષ-ક્ષણને જીવી જતાં ના આવડે તો તુચ્છ બાબતોમાં જીવન વહી જાય છે અને વરદાનોનો ધોધ આંગળીઓ વચ્ચેથી સરી જાય છે. આમ અંતરમાં દીવો પ્રગટે નહિ અને જીવન એળે જાય છે.

જીવનની પ્રત્યેક ક્ષણ પ્રકાશની ક્ષણ છે. મનને પરમ પ્રકાશથી પ્રકાશિત કરવાની પ્રાર્થના કોઇ ધન્ય ક્ષણે અવશ્ય ફળે છે.

ક્ષણે ક્ષણને સજાગ સાવધ રહીને જીવનારનું સમગ્ર અસ્તિત્વ જ આંખો બની જાય છે.

પળે પળને જાગરુકતાથી જીવવી એ આધ્યાત્મિક જીવન છે.

ક્ષણે ક્ષણે નિરીક્ષણની અવસ્થામાં રહેવું એ સાહસનું કામ છે પરંતુ જેમની શિવયાત્રા ચાલતી હોય છે તેમનો પળે પળની સાથે ચિર નૂતન સંબંધ હોય છે.

જાગરુકતામાં જીવનાર મનુષ્યના ભવિષ્યની ભવ્યતા અસીમ છે; તે માટે 'સ્વ' અને 'ક્ષણ'નું ઐક્ય અપરિહાર્ય છે.

'ક્ષણ'ની સંપદાનો સ્વામી મનુષ્ય નિત્ય આનંદલોકમાં વિહરે છે કે જેમાં કાળ કે કર્મનું કાંઇ પણ નથી ચાલતું.

## જીવો તો એ રીતે જીવજો !

( ગઝલ )

ગયો અવસર નહીં આવે, જીવો તો એ રીતે જીવજો,
ન મનખા દેહ આ લાજે, જીવો તો એ રીતે જીવજો !

બધાને પ્રેમ આપો, પ્રેમ પામો, લોક દુનિયાનાં—
તમોને ખોળતા આવે, જીવો તો એ રીતે જીવજો !

દુઃખે દાઝેલ દિલનાં માનવી તમને મળીને જો,
ઘડીભર શાંતિ પણ પામે, જીવો તો એ રીતે જીવજો !

કસુંબલ ડાયરો છોડી તમે જાઓ અને સૌને,
તમારી ખોટ બહુ સાલે, જીવો તો એ રીતે જીવજો !

અહીં થોડા'ક લોકો પણ તમારી યાદગીરીને—
હૃદયમાં જાળવી રાખે, જીવો તો એ રીતે જીવજો !

તમારા મોત પર કે "પ્રેમ" નિષ્ઠુર દુશ્મનો સુદ્ધાં,
રડે ચોધાર આંસુડે, જીવો તો એ રીતે જીવજો !

પ્રેમલાલ દી. સીનરાજા



## શરણુમાં તો હવે લેજો

અગર મળી જાય મહાત્માજી તો કોઈ આટલું કહેજો,
અધમ પાપી અમારા પર કૃપા કરતા સદા રે'જો.

અમે કામી અને લોભી વિતાવ્યું સ્વાર્થમાં જીવન,
શકયા સમજી નહીં તમને ક્ષમા તે સૌ કરી દેજો !

મળી સોનેરી તક સુંદર ખરેખર ધૂળે રગદોળી,
કળણુમાંહે ખૂંપ્યા ભારી ઉગારી નાથ લઈ લેજો !

નથી પાળી કદી આજ્ઞા, નથી શિષ્યો બન્યા સાચા,
કર્યું દેખાવનું ઠગવા બધું યે માફ કરી દેજો !

બન્યા તોફાનમાં પ્યાદા અમે મનના અનુરાગી,
ભજ્યા ના રામ આતમને હવે ભજવા મતિ દેજો !

દગા ફટકા કર્યા ભારી ઠગ્યા સ્નેહી જનોને પણ,
થતો પસ્તાવો રગરગમાં શરણુમાં તો હવે લેજો !

—પરમાર્થી

## પ્રેમ હોય તો મળે

પ્રેમ હોય તો મળે, પરમ રસ
પ્રેમ હોય તો મળે.
પ્રેમ વિના ના સરે હેતુ કૈં
પ્રેમ વિના ના સરે.
પરમ રસ...

નિર્મળ ઉરમાં ભાવ-ભક્તિની ગંગા જન્મ ધરે;
તનમન અંતર એ અમૃતમાં ત્યારે સ્નાન કરે.
પરમ રસ

પ્રેમ વિના ના ક્લેશ મટે ને ફેરો કદિય ટળે.
નીરસ જીવન રસ પામી ના ઉત્સવ રોજ કરે.
પરમ રસ

પ્રેમ વિના સાધન સૌ કાચાં, પીડા નહિ હરે;
પ્રેમ પ્રકટ કરવા સાધન સૌ, સાધક વર્ગ કરે.
પરમ રસ

ભિક્ષા તેથી માગી છે મેં, મન મુજ પ્રેમ કરે;
પાગલ પ્રેમ તમેય કરો તો જીવન હેતુ સરે.
પરમ રસ....

—યોગેશ્વર

*——*



# સાચી કેળવણી

ડૉ. રણજીત પટેલ ( અનામી )

આંખો બંધ કરી, શાન્ત ચિત્તે બેસીને કોઈવાર તમોએ તમારી વિચાર પ્રક્રિયાનું પરીક્ષણ કર્યું છે? તમારા પ્રવૃત્ત મનનું ક્વચિત્ નિરીક્ષણ કર્યું છે? અર્થાત્ તમારા ચિત્તે સ્વયં એની કાર્ય-પ્રક્રિયાનો વિચાર કર્યો છે? સ્વયં-નિરીક્ષણ કર્યું છે? જેથી પરખી શકાય કે તમારા વિચારો કેવા છે, શા છે. તમારી લાગણીઓ શી શી છે. વૃક્ષો, પુષ્પો, પંખીઓ અને લોકો પ્રત્યેની તમારી દૃષ્ટિ કેવીક છે. કોઈ સૂચન પરત્વે તમારો પ્રતિભાવ શો છે, કોઇ નવીન વિચાર પરત્વેનો તમારો પ્રત્યાઘાતા શો છે? કોઈવાર તમોએ આવો પ્રયોગ કર્યો છે? જો તમારો પ્રત્યુત્તર નકારમાં હોય તો જાણી લેજો કે તમોએ ઘણું બધું ગુમાવ્યું છે. પોતાના ચિત્તની કામગીરીનું અભિજ્ઞાન એટલે જ કેળવણી. વસ્તુઓ, વિચારો પરત્વે તમારું ચિત્ત કેવા કેવા પ્રત્યાઘાત પાડે છે, પોતાના પ્રતિભાવોથી જો એ અંનભિજ્ઞ હોય, સ્વ-પ્રવૃત્તિ અજ્ઞાત હોય તો સમાજ શું છે એનો ખ્યાલ એને કદી પણ આવવાનો નહીં, સમાજશાસ્ત્રનાં તમો થોથાં વાંચો, સમાજ વિજ્ઞાનનું સાહિત્ય વાંચો...પણ તમારું ચિત્ત કઇ રીતે કામ કરે છે તે જ જો ન જાણો તો સમાજ શું છે તે તમો કદી જાણી શકવાના નથી કેમ જે તમારું ચિત્ત એ પણ સમાજનો એક અંશ છે, તે સ્વયં સમાજ છે. તમારા પ્રત્યાઘાત, તમારી માન્યતાઓ, મંદિર, મસ્જિદ, ગિરજાઘર, ગુરુદ્વારામાં તમારું જવું, તમારું વસ્ત્ર પરિધાન, કઇ વસ્તુઓ કરવી-ન કરવી-ના તમારા વિધિનિષેધ...અરે, ખૂદ તમારી વિચારણા-સમાજ

આ બધાનો સમુચ્ચય છે...તમારા ચિત્તમાં ચાલતા ચલ-ચિત્રની આ નકલ જ છે. તમારું ચિત્ત સમાજથી અભિન્ન નથી. તમારાં સંસ્કાર–સંસ્કૃતિ, તમારા ધર્મ, સમાજના ભિન્ન ભિન્ન વર્ગો, અનેકની મહેચ્છાઓ અને સંઘર્ષોથી એ અલિપ્ત નથી. આ સર્વનો સમુચ્ચય એટલે જ સમાજ... અને એ સમાજના તમો એક અંશ છો. 'તમો' 'આપ' જેવી સમાજ–નિરપેક્ષ કોઈ વસ્તુ નથી. યુવાન માનસના ચિંતનને અંકુશમાં રાખવા, આકાર આપવા અને એનું ઘડતર કરવા સમાજ સદાય પ્રયત્ન કરે છે. જન્મ પછી જેવા આપણે અસરો ઝીલવા લાગીએ છીએ કે તૂર્ત જ આપણાં માતા પિતા સતત આપણને શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ, શું માનવું, શું ન માનવું તત્સંબંધે સતત સૂચનાઓ આપ્યા જ કરે છે. ભગવાનના અસ્તિત્વ અંગે આપણને કહેવામાં આવે છે અથવા જો ભગવાન ન હોય તો રાજ્યસત્તા અને એનો સરમુખત્યાર જે એનો પયગંબર તે સંબંધે બોધ કરવામાં આવે છે. બાલ્યકાળથી જ આવી વિચારધારાનું સિંચન કરવામાં આવે છે. જેને કારણે આપણું ચિત્ત જે ગજબની અસરો ઝીલનારું, ખોજ કરનારું, કુતૂહલ પ્રિય, સંશોધન–તત્પર હોય છે તે રફતે રફતે બંધનગ્રસ્ત બની કુંઠિત થઈ જાય છે અને સમાજના અમુક પ્રકારના જ ઢાંચામાં ઢળી જાય છે...અને કશીજ સમૂળી ક્રાન્તિ કરી શકતું નથી. એકવાર વિચાર કરવાની અમુક પ્રકારની લઢણની ટેવ પડી જાય છે પછી તમો ક્રાન્તિ કરવા ઈચ્છો તો પણ તે ક્રાન્તિ અમુક પેટર્નની મર્યાદામાં જ હોઈ શકે, આ ક્રાન્તિ–આ બળવો કોના જેવો હોઈ શકે ?–જેલખાનાના કેદીઓ જેવો જે સારા આહાર કે થોડીક સગવડો માટે બળવો કરે પણ જેલખાનામાં જ. તમો પરમાત્માની શોધમાં હો અગર



તો સાચી સરકાર કેવી હોઈ શકે એ શોધવા પ્રયત્ન કરતા હો, ત્યારે તમારો એ પ્રયત્ન સમાજના અમુક 'પેટર્ન' માંજ સીમિત હોવાનો...કેમ જે એ સામાજિક પેટર્ન તમને કહેવાનો. આ સાચું છે, તે ખોટું છે, આ સારું છે, તે ખરાબ છે, આ જ સાચો નેતા છે અને આ જ સાચા સંતો છે." આથી જ તમારી ક્રાન્તિ, અતિ મહેચ્છા ધરાવતા અને અતિ ચતુર–ધૂર્તજના દ્વારા સધાતી કહેવાતી ક્રાન્તિ જેવી થવાની કેમ જે એ ભૂતકાળની શૃંખલાથી બદ્ધ હોવાની. એ બળવો ન કહેવાય, ક્રાન્તિ ન કહેવાય, એ તો કેવળ ઉત્તેજિત પ્રવૃત્તિ જ કહેવાય. બહુ બહુ તો સીમિત મર્યાદાનો બહાદુર સંગ્રામ કહી શકાય. સાચો બળવો, સાચી ક્રાન્તિ તો સીમિત પેટર્નને અતિક્રમે, તોડે અને અસીમને તાગે.

તમો જોશો કે બધાજ સુધારકો–પછી તે ગમે તે હોય–પરિસ્થિતિને સુધારવામાં રત ને ગ્રસ્ત હોય છે, પણ એમનો સુધારો ઉપરોક્ત જેલ ખાનાના કેદીઓ જેવો જ હોય છે. સ્થિતસ્થ સમર્થ નમૂનો એ વિરોધ કરતા નથી. રૂઢિ અને સત્તાની દીવાલો તોડી નાખો, ચિત્તને તુરંગમાં રુંધનાર અંકુશોને ફગાવી દો એમ તેઓ કદી કહેવાના નહીં, સાચી કેળવણી આવી પરિસ્થિતિના પડકાર અને પ્રતિકારમાં છે. ગોખણપટ્ટી કરી પરીક્ષાઓ પસાર કરવી અથવા તો સ્મૃતિને સહારે શિખેલું લખી નાખવું એ શિક્ષણ નથી પણ ચિત્તને શૃંખલિત કરનાર જેલની દીવાલોને દેખવામાં ને તોડવામાં સાચું શિક્ષણ રહેલું છે, સમાજનો પ્રભાવ આપણા સર્વ પર પડતો જ હોય છે. આપણી વિચારશક્તિને સતત આકાર આપે છે, ઘડે છે અને સમાજના આ બાહ્ય આક્રમણને બાહ્ય દબાણને આપણે આંતરિક સમજીએ છીએ. એ આપણી ભીતરમાં ગમે તેટલું ઊંડું ઉતરે છતાંય તે બાહ્ય જ છે, ઉપરનું

ને ઉપરછલ્લું જ છે. જ્યાં સુધી આ બહિર અંકુશોને દૂર ન કરી શકાય, અતિક્રમી શકાય નહીં ત્યાં સુધી આંતરસમૃદ્ધિ અશકય સમજવી. આપણું ચિત્ત શું વિચારે છે તે આપણે જાણવું જોઈએ. તમો હિંદુ હો મુસલમાન હો કે ખ્રિસ્તી હો તો સૌ નિજી ધર્મશ્રદ્ધા પ્રમાણે વિચારવાનાં. તમારી આસ્તિકતા નાસ્તિકતાથી તમો સભાન હોવાના–રહેવાના. સમાજનો આ એક ઢાંચો છે અને જ્યાં સુધી તમો આ ઢાંચામાં રહેવાના ત્યાં સુધી વહેતામાં જ વહેવાના. જ્યાં સુધી તમો આ ઢાંચાથી સભાન બની સજાગ નહીં રહો અને એ કોચલાને તોડશો નહીં ત્યાં સુધી તમો એ સર્વના કેદી છો—ભલે પછી તમો તમારી જાતને મુકત માનતા હો.

આપણામાંના ઘણા તો ‘ તુરંગ–ક્રાન્તિ–તુષ્ટ ’ હોય છે. થોડોક સારો આહાર, થોડોક વધુ પ્રકાશ આકાશનો મોટો ટૂકડો નિહાળી શકાય એવી મોટી બારી મળતાં સંતોષ પામે છે. હરિજનને મંદિર પ્રવેશ આપવો–ન આપવો, અમુક જ્ઞાતિને તોડવી એમાં ઇતિશ્રી આવી જાય છે, અને એક જ્ઞાતિ તોડીને આપણે બીજી એક નવીનું સર્જન કરતા હોઈએ છીએ. ઉન્નતબ્રજ્ઞાતિનું.’ સરવાળે તો આપણે કેદીના કેદી જ રહીએ છીએ. અને તુરંગમાં વળી સ્વાતંત્ર્ય શાનું ? સ્વાતંત્ર્ય તો દીવાલોની બહાર રહેલું છે, સમાજના રૂઢ લીસ્સા ઢાંચાની બહાર...પણ આ પ્રવાહપતિત પરિસ્થિતિમાંથી મુક્ત થવા કાજે તો તમારે એના નખશિખ હાર્દને સમજવું જોઇએ. મતલબ કે તમારા ચિત્તની અસલિયાતને સમજવી જોઇએ.

અદ્યતન–સદ્યતન સંસ્કૃતિનું સર્જન કરનાર આપણું મન જ છે. આ પ્રણાલિકા–બદ્ધ સંસ્કાર–સમાજનું સર્જન પણ એનો જ આભાસ છે. આવા સમર્થ સર્જક મનને સમજ્યા



વિના, કેવળ સામ્યવાદી કે સમાજવાદી તરીકે...આ કે તે વાદી તરીકે બળવો કરવો તે નિરર્થક છે. આથી જ ‘સ્વ’નું અભિજ્ઞાન, આત્મજ્ઞાન અત્યંત અનિવાર્ય છે. આપણા વિચારો, આપણી લાગણીઓ, આપણી સર્વ પ્રવૃત્તિઓની સભાનતા કેળવવી અત્યંત આવશ્યક છે. અને આનું જ નામ–આનું નામ જ કેળવણી. કેમ જે આત્મતત્ત્વ ‘ચીનતાં’ જ આપણું મન અતીવ સંવેદનશીલ, અતીવ જાગ્રત બને છે.

આના પ્રયોગ માટે મુહૂર્ત જોવાની જરૂર નથી. શુભસ્ય શીઘ્રમ્ । તમારા નિવાસસ્થળે એકાન્ત ન હોય તો કોઇ વૃક્ષ તળે વા કોઇ સરિતા તટે ચાલ્યા જાવ. અને તમારા મનોવ્યાપારનું શાન્તિથી નિરીક્ષણ કરો, ‘ આ સાચું આ ખોટું ’ બોલી એને સુધારશો નહીં. કોઈ ચલચિત્રની જેમ એને જોયા કરો. જ્યારે તમો સિનેમાગૃહમાં જાવ છો ત્યારે ચલચિત્રમાં ભાગ લેતા નથી...એમાં ભાગ લેનાર તો નટનટીઓ અભિનેતા–અભિનેત્રીઓ હોય છે. તમો તો માત્ર પ્રેક્ષક–નિહાળો. કોઈ પણ ચલચિત્ર જોવા કરતાં આ વ્યાપાર અત્યંત રસિક–મોહક હોય છે કારણ કે તમારું મન એ સમસ્ત વિશ્વનો અવશેષ હોય છે અને સમગ્ર માનવજાતિના અનુભવનો એમાં અર્ક–નીચોડ હોય છે. તમારું મન જ માનવજાત છે અને જ્યારે તમને આવી અનુભૂતિ થશે ત્યારે તમારામાં કરુણા ઉભરાશે. આવા પ્રબોધમાંથી જ પ્રેમ જન્મે છે અને આવી સ્થિતિમાં જ્યારે તમો સુંદર વસ્તુઓને નિરખશો ત્યારે સાચા સૌંદર્યનો તમને વાસ્તવિક ખ્યાલ આવશે.

જે. કૃષ્ણમૂર્તિના ‘ This Matter of culture ’ પુસ્તકના પ્રકરણ–૧૧નાં પૃ. ૭૮–૮૦નો અનુવાદ. [ પુસ્તકની આવૃત્તિ–૧૯૬૪ની ]

# વિદ્યા

કમલ સુથાર

સા વિદ્યા યા વિમુક્તયે ।

સાચી વિદ્યા મનુષ્યને મુક્તિ અપાવે છે. વિદ્યા એ એવું ગુપ્ત ધન છે જે ખર્ચ કરતાં વધે છે પણ ઘટતું નથી. એટલે સુજ્ઞ પુરુષો, જ્ઞાની પુરુષો વિદ્યાનું દાન કરે છે. અને અનેક મુમુક્ષુઓનાં જીવન ઉન્નત બનાવે છે.

વિદ્યયા પ્રાપ્યતે સૌખ્યં યશઃ કીર્તિસ્યતાતુલા ।
જ્ઞાનં સ્વર્ગઃ સુમોક્ષશ્ચ તસ્માદ્વિદ્યાં પ્રસાદય ॥
— પદ્મપુરાણ.

અર્થાત્ વિદ્યાવડે સુખ, યશ, અતુલિત કીર્તિ, જ્ઞાન, સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. એટલા માટે વિદ્યા પ્રાપ્ત કરો.

વિદ્યા મનુષ્યના જીવનને ઊર્ધ્વગામી બનાવે છે. જીવનને પાશવિક ભૂમિકા ઉપરથી ઊંચે ઊઠાવી પરમ ચૈતન્યની પાવન શાશ્વત ભૂમિકા ઉપર લઈ જાય છે. કલ્પલતા સમાન તે મનુષ્યના અનેક ઉપકાર કરે છે. તે માતા સમાન રક્ષણ કરે છે. પિતા સમાન મનુષ્યને કલ્યાણ કાર્યમાં લગાડે છે. ધનની વૃદ્ધિ કરે છે. અને ચારે તરફ કીર્તિનો વિસ્તાર કરે છે.

ભર્તુહરિ રાજા હતા. પણ જ્યાં સુધી તેમને સદ્વિદ્યા પ્રાપ્ત ન થઈ ત્યાં સુધી તેમને પરમ શાન્તિ, પરમામૃતની ઉપલબ્ધિ ન થઇ. પણ જ્યારે તેમને સદ્વિદ્યા-બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થઇ ત્યારે તેમને પરમામૃતની ઉપલબ્ધિ થઈ. અને સંસાર એમને અસાર લાગ્યું. વિદ્યાનું મહત્ત્વ સમજાયું. તે કહે છે :



વિદ્યા નામ નરસ્ય રૂપમધિકં, પ્રચ્છન્ન ગુપ્તં ધનં ।
વિદ્યા ભોગ કરી યશઃ સુખ કરી, વિદ્યા ગુરુણાં ગુરુ ॥
વિદ્યા બન્ધુજનો વિદેશ ગમને, વિદ્યા પરમ્ દૈવતં ।
વિદ્યા રાજસુ પૂજ્યતે નહિ ધનં, વિદ્યા વિહીનઃ પશુઃ ॥
—ભર્તુહરિ.

અર્થાત્ વિદ્યા મનુષ્યનું એક વિશેષ સૌંદર્ય છે. ને ગુપ્ત સુરક્ષિત ધન છે. વિદ્યા–ભોગ, યશ, અને સુખ પ્રદાન કરનારી તથા ગુરુઓની પણ ગુરુ છે. પરદેશમાં વિદ્યા જ બંધુ બાંધવ છે. તે પરમ દેવતા છે. વિદ્યાવાન મનુષ્ય જ રાજ્યમાં તેમજ સર્વત્ર પૂજાય છે. વિદ્યાવિહીન મનુષ્ય પશુ સમાન છે.

અન્નદાન મહાદાન છે. પરંતુ વિદ્યાદાન પરમ શ્રેષ્ઠ દાન છે. કેમકે બીજાં દાનોથી ક્ષણિક સુખ મળે છે. પણ વિદ્યાથી શાશ્વત સુખ મળે છે.

વિદ્યાનું મહત્ત્વ કુટનીતિજ્ઞ ચાણકયે પણ જાણ્યું હતું. તે વિદ્યાની શ્રેષ્ઠતા બતાવતાં કહે છે :

રૂપયૌવન સમ્પન્ન વિશાલ કુલ સમ્પન્નઃ ।
વિદ્યાહીના ન શોભતે નિર્ગન્ધારિવ કિંશુકાઃ ॥
—ચાણકય.

અર્થાત્ મહાન કુળમાં ઉત્પન્ન તથા રૂપ અને યૌવનથી સંપન્ન હોવા છતાં પણ વિદ્યાવિહીન મનુષ્ય ગન્ધરહિત કેસૂડાંની જેમ કેવળ શોભાના ગાંઠિયા જેવું બને છે.

વિદ્યા એ મનુષ્યનું આંતરિક સૌંદર્ય છે. વિદ્યાવડે જ માનવીનું મૂલ્ય અંકાય છે, રૂપવડે નહીં. રાજા જનક જ્ઞાની હતા. એકવાર તે વિદ્વાનોની સભા ભરી બેઠા હતા. ત્યાં બ્રહ્મજ્ઞાની અષ્ટાવક્ર પધાર્યા. તે પરમ વિદ્યા સમ્પન્ન મહાત્મા

હતા. તેમને જોઇને જનકની સભાના વિદ્વાનો હસ્યા. એટલે અષ્ટાવક્રને આશ્ચર્ય થયું. તેમણે રાજા જનકને પૂછયું :

" હે રાજન, હું તો માનતો હતો કે તમે તમારી સભામાં વિદ્વાનો રાખ્યા છે. પણ આજે મને લાગ્યુ કે આતો ચામડિયા છે. "

રાજાને આશ્ચર્ય થયું. ને બ્રહ્મજ્ઞાની અષ્ટાવક્રનું આદરપૂર્વક સન્માન કરી આનું કારણ પૂછયું. તો તેમણે જણાવ્યું :

" હે રાજન, આ લોકોની દૃષ્ટિ કેવળ મારા બાહ્ય રૂપ અને ચામડી ઉપર જ મંડાયેલી છે. તેમની દૃષ્ટિ પરમજ્ઞાન, આત્મા ઉપર જતી જ નથી. માટે તે ચામડિયા જ છે. "

રાજા જનકનું મસ્તક પરમ વિદ્વાન-બ્રહ્મજ્ઞાની અષ્ટાવક્રના ચરણોમાં ઝૂકી ગયું. સભામાં ઉપસ્થિત ટીખળખોરો ઝાંખા પડી ગયા.

બ્રહ્મવિદ્યાનો વિજય થયો.
વિદ્યાથી જ માણસ પૂજાય છે.

શ્રી યોગેશ્વર કૃપા.
**સંદિપ વેલ્ડીંગ વર્કસ**
ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મેંદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# અણધારી યાત્રા

નારાયણ હ. જાની

એપ્રિલના છેલ્લા સપ્તાહમાં પૂ.મા થોડા દિવસ અંબાજી જવાનાં છે એની જાણ તેઓએ અમને કરેલી. અમે ત્યારે તે દિવસોમાં શકય હશે તો અંબાજી જવાનું કહેલું, પરંતુ તે શકય ન બન્યું. એનું થોડું દુઃખ થયું. પણ એનો કોઈ ઉપાય ન હતો.

પરંતુ કેટલીક ઘટનાઓ એવી બને છે, જેની પાછળ ભગવાનની મંગલમયી કૃપાનો અનુભવ થાય. અંબાજી ન જવાયું તેની પાછળ પણ આવી જ કંઇ ગૂઢ પ્રભુની મંગલમયી કૃપા રહેલી હશે તેનો ખ્યાલ તો અઠવાડિયા પછી જ આવ્યો.

પૂ.મા મે માસમાં મહિના માટે એકાંત-મૌનમાં બેસવાનાં છે એની જાણ હોવાથી પૂ.મા અંબાજીથી અમદાવાદ પધાર્યાં એટલે એમનાં દર્શને જવાની અમને ઇચ્છા થઈ. પૂ.મા તા. ૨૭/૪ ના રોજ અમદાવાદ પધાર્યાં અને તા. ૨૮/૪ ના રોજ હું ને મારાં પત્ની પૂ.માના દર્શને પહોંચી શક્યાં, એનો આનંદ થયો. સત્સંગી શ્રી ભોજાણીભાઇની મુલાકાત પણ થઇ.

દર્શન કરીને જલ્દીથી પાછા આવવાનો વિચાર હતો એટલે રોજીંદી આવશ્યક જરૂરિયાતો કાંઇ જ લીધેલી નહિ. પરંતુ પૂ.માએ કહ્યું "અમે કાલે કપૂરા જવાનાં છીએ. તમે પણ સાથે ચાલો."

અધ્યાત્મ માસિકના છપાઇના દિવસો એટલે જવા વિચાર ઓછો. પૂ.માની આગળ દલીલ કરી, પણ આ તો પૂ.માની આજ્ઞા એટલે એને સ્વીકારી લેવામાં જ મંગલ."

આ વખતે કપૂરાની યાત્રામાં શ્રી બાબુભાઈ વોરા અને

એમનાં પત્ની મધુબેનને પણ પૂ.માએ ખાસ લીધાં, કારણ કે મધુબેને કપૂરા જોયેલું નહિ અને શ્રી બાબુભાઈ પણ ઘણા વખત પહેલાં ગયેલા. અમેરિકાથી આવેલ શ્રી ભગવાનજીભાઈ અને એમનાં ભાવિક પત્ની કંચનબેન પણ પૂ.મા સાથે અંબાજીમાં પણ હતાં.

પૂ.માના 'સ્નેહશાંતિ' નિવાસના યજમાન શ્રી મહેતા સાહેબ અને એમનાં પત્ની પણ કપૂરા આવવાનાં હતાં. પૂ.માની યાત્રામાં સારસંભાળનો ભાર તે ખૂબ પ્રેમથી વહન કરતાં.

તા. ૨૯/૪ ના રોજ સાંજે લગભગ પાંચ વાગે નીકળવાના હતા, પરંતુ પૂ.શ્રીના ભક્ત શ્રી જે. વી. શાહ ને પૂ.માનાં દર્શન થવાનાં હશે એટલે નીકળતાં થોડું મોડું થયું. કેવું સારૂં ભાગ્ય! જો પાંચ મિનિટ પછી આવ્યા હોત તો અમે સહુ નીકળી ગયા હોત ને એમને ભારે નિરાશા થાત.

નીકળતી વખતે પૂ.મા ઘરમાંથી બહાર આવ્યાં અને બન્ને ગાડીઓની વ્યવસ્થા જોઈ. એમાં એક ફીઆટના પાછલા ભાગમાં સામાન રાખેલ ત્યાં એક બે વ્યક્તિ ગાદી રાખી બેસી શકે એમ લાગતાં, પૂ.માએ પાસે ઉભેલાં માલતીબેનને સહજભાવે પૂછ્યું, "આવવું છે?"

માલતીબેને નમ્રભાવે કહ્યું, "આપ કહો તો આવું."

"ચાલો તો, અમે કહીએ છીએ. આ ડીકીમાં ગોઠવાઇ જજો ઘરે જાણ કરી દો."

માલતીબેનને આ અણધાર્યા આમંત્રણથી ખૂબ આનંદ થઈ ગયો.

પાંચ મિનિટ પહેલાં જેની કલ્પના પણ નહોતી, તે ઘટના પૂ. માની કૃપાથી ઘટી-એનો આનંદ તો અદ્ભુત હોય જ. યાત્રા માટેનું એમનું અન્નજળ ખરેખર અણધાર્યું જ જાગ્યું.



પૂ. મા જેવા સંતની સેવાનું ફળ જાણે એ પામ્યાં. સ્નેહલતાબેનનાં વધારાનાં વસ્ત્રો લઈ તે ગાડીમાં પાંચ મિનિટમાં જ ગોઠવાઇ ગયાં! છેલ્લી ઘડી એમના અન્નજળે અમનેય આશ્ચર્યમાં નાંખી દીધાં.

પૂ. ગુરુદેવની જય સાથે અમે વડોદરા જવા નીકળ્યા. બંને ગાડીના ડ્રાયવરો પણ ભાવિક હતા અને એક સંત સાથે કેવી મર્યાદા જાળવવી જોઇએ તે સમજતા હોઈ, પૂ. માની આમન્યા બરાબર જાળવતા. નીકળતાં મોડું થયું તેમાં પણ પ્રભુની મંગલમય કૃપા જ જણાઇ; કારણ કે સાંજના છ થયા હોવા છતાં ખૂબ ગરમ લૂ વાતી હતી. જો વહેલા નીકળ્યા હોત તો પૂ. માને ઘણી ગરમી લાગત. એમની ગાડી એરકન્ડીશન વાળી હતી એટલે પૂ. માને ઘણી રાહત રહી.

અમારો કાર્યક્રમ વડોદરા શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં રાત્રિ રોકાણ કરી બીજે દિવસે કપૂરા પહોંચવાનો હતો, જેથી ઘણું લાંબુ અંતર પૂ.માને એક સાથે કાપવું ન પડે; કારણ કે પૂ.માને તે દિવસે નીરજળા ઉપવાસ હતો. ૧૧૫૦ ઉપવાસોની લાંબી હારમાળામાં ઉનાળાની ગરમીમાં આવા પાણી વગરના ઉપવાસો દરમ્યાનનો પ્રવાસ કેવો આકરો લાગે! છતાં પૂ.મા ખૂબ સહજતાથી બધું સહન કર્યે જાય છે.

શ્રી જીતુભાઇનો પરિવાર ખૂબ ભાવિક ને પૂ. મા પ્રત્યે ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે છે. પૂ. માએ તેમને જાણ કરી હોવાથી અમો સહુ માટે સુંદર ભોજનની વ્યવસ્થા એમણે પ્રેમપૂર્વક કરેલી. પોતાનાં સગાં સ્નેહીઓ કે જ્ઞાતિજનો માટે તો લોકો આગતા સ્વાગતા કરે, પરંતુ એક સંતના પરિવારના સભ્યો પ્રત્યે આવો ભાવ બહુ ઓછો જોવા મળે. શ્રી જીતુભાઇનો આવો ભાવ જોઇ ગદ્ગદ થઇ જવાય છે.

## યાત્રાનો આરંભ

બીજે દિવસે સવારે સાડા પાંચે વડોદરાથી પ્રસ્થાન કર્યું, ત્યારે કલ્પના ન હતી કે હવે અણધારી યાત્રાનો એ આરંભ હતો.

ભરૂચ પહોંચતાં પહેલાં પાલેજથી પૂ. માએ નારેશ્વર જવાની સૂચના ડ્રાયવરને આપી ત્યારે મને અને મારાં પત્નીને ખૂબ આનંદ થયો, કારણ કે નર્મદાકાંઠાનાં ચાણોદ કરનાળી, વ્યાસ, કુબેર ગરૂડેશ્વર વગેરે તીર્થોની યાત્રા પૂ. શ્રી યોગેશ્વરજી સાથે કરેલી, પરંતુ નારેશ્વર જવાનું બનેલું નહિ. એટલે અમારામાંના જેઓ પહેલીવાર જ પ. પૂ. શ્રી રંગ-અવધૂતજીના તીર્થમાં આવતાં હતાં, તેમને આનંદ થાય એ સ્વાભાવિક હતું.

પાલેજથી નારેશ્વર જવાના ૨૫ કિ. મિ. ના રસ્તાનો ઘણોખરો ભાગ બીસ્માર હાલતમાં છે ને વાહનમાં જનારને પણ તેની કઠનાઇનો અનુભવ થયા વગર રહેતો નથી. શાસન-કર્તાઓની એ તીર્થધામ પ્રત્યેની આ કેવી ઉપેક્ષાવૃત્તિ! સાચું પૂછો તો આવા રસ્તાઓને તો ઘણા સારા રાખવા જોઇએ. પરંતુ સાચા ધર્માભિમુખ શાસન વગર આ શકય બને તેમ લાગતું નથી.

નારેશ્વરના સ્થાનને, તેની ચોકખાઈ ને શાંતિને જોઈને રસ્તાનો થાક સહજ રીતે દૂર થઈ ગયો. અમે સહુ પ્રથમ નર્મદા તીરે ગયાં. પૂ.માને ખાસુ ચાલવું પડ્યું, પરંતુ બધાંની સાથે પૂ.માશ્રી નર્મદાના દર્શન, સ્પર્શન અને અમી છંટકાવ માટે આવ્યાં. નર્મદાનો પ્રવાહ અહીં છીછરો લાગ્યો. કેટલાક યાત્રાળુઓ સ્નાન કરી રહ્યા હતા. પૂ.માએ અમો સહુ ઉપર પ્રેમપૂર્વક 'નમામિ દેવિ નર્મદે' બોલી પવિત્ર જળનો છંટકાવ કરી, બધાંને ભાવવિભોર કરી દીધા.



ભગવાન નારેશ્વરનું દર્શન, પૂ.શ્રી રંગ અવધૂતની, એમનાં પૂ. માતાજીની તેમ જ એમના બુચિયા કુતરાની સમાધિઓનાં દર્શન કરી અમે કૃતાર્થતા અનુભવી. એક માતૃભક્ત સંત ને પ્રાણીની સેવા પ્રત્યે પણ કૃતજ્ઞતા દર્શાવનાર મહામાનવની પુનિત સ્મૃતિથી અમારા સહુનાં અંતર પણ ભીંજાણાં. એમની સમાધિ આગળ બેસી કેટલાક ભક્તો ગુરૂલીલામૃતનો પાઠ કરી રહ્યા હતા. અમે પણ એમને ભાવપૂર્વક પ્રણામ કર્યા.

પૂ.શ્રી રંગઅવધૂત મહારાજની પુનિત સ્મૃતિરૂપ આવાસ અને મુલાકાતી ખંડની સરળ ગ્રામીણ રચના એ મહાપુરુષની સાદાઇ અને સરળતાની દ્યોતક છે. આવા સંતપુરુષો પોતાના આચરણથી જનતાને વગર બોલ્યે કેટલો બધો બોધ આપી જાય છે! તે કલાકોના ભાષણથી કદી શકય બનવાનું નથી. આચરણ એજ સર્વશ્રેષ્ઠ ઉપદેશ પ્રદાનનું સાધન છે; ને મૌનમાં સર્વ વાણીનો વિરામ છે; એની પ્રતીતિ આવાં જીવંત તીર્થો કરાવે છે. અહીં રહેવાનું ગમે એવું છે, પરંતુ અમારી પાસે સમય ન હોવાથી અમે મા નર્મદા, તીર્થના અધિષ્ઠાતા સંત અને એમના સ્પર્શથી પાવન બનેલ ધરતીને વંદન કરી, નારેશ્વરના એ સંતની જય પોકારી વિદાય થયા. પૂ.માની કૃપાથી જ અમે નારેશ્વર જઇ શકયા. વર્ષો જૂની ભાવના પૂ.માએ આમ અણધારી રીતે પૂરી કરી, કૃતાર્થ કર્યા.

હવે અમારે પહોંચવાનું કપૂરા હતું જે અહીંથી હજી ઘણુ દૂર હતું.

ભરૂચથી બારડોલીવાળે રસ્તે જતાં કામરેજ પાસે હાઇવે પર જ વાવ ગામ આવે. વાવમાં પૂ.માની સાધનાકાળની સાક્ષી આશા રહે. પૂ.શ્રી યોગેશ્વરજી આશાને પૂ.માની લાકડી કહેતા. આશા પરિણિત છે. એને એક પુત્ર પણ છે. સંસારના વ્યવ-સાયોમાં અટવાયેલી આશા, ખૂબ ભાવ છતાં પૂ.મા પાસે

બહુ આવી ન શકે. પરંતુ પૂ.મા તો એ રસ્તે નીકળે એટલે આશાને સામેથી મળ્યા સિવાય જાય જ નહિ. સંત અને પ્રભુ સરખા હોય છે. એ જે જીવનો હાથ પકડે, તેને કદી છોડતા નથી. એટલે આશાથી ભલે ન અવાય, પણ પૂ.મા એને મળે ત્યારે આશા એમનાં શ્રી ચરણો પકડી બેસી જાય. આંખોમાંથી અશ્રુબિન્દુઓ ટપકી પડે. લાગે કે જાણે ભકતને ભગવાન મળ્યા એવું દૃશ્ય ખડું થાય. જોનારને પણ સાત્ત્વિક અહેતુકી કૃપા કેવી હોય એનું દર્શન થાય.

સાચા અર્થમાં અતિથિ બનવા માટે આ વખતે પૂ.માએ કપૂરા કોઇને જાણ કરેલી નહિ; એટલે અમે પૂ.માના બેન શારદાબેનને ત્યાં ગયા તો તેઓ નવસારી હોસ્પીટલમાં પગના વાના ઇલાજ માટે ગયેલાં. શ્રી ઈશ્વરભાઇ ભક્ત-જેઓ પરદેશથી આવ્યા પછી બિમાર જેવા હતા તેઓ પણ જરૂરી કામે બહાર ગામ ગયેલા. સદ્‌ભાગ્યે પૂ.માનાં ભાભી શ્રી ગંગાબેન ઘરે હતાં. શ્રી મોહનભાઇએ એમને અમારા ભોજનનો પ્રબંધ કરવા સૂચના આપી. ખીચડી પણ ચાલશે એવું જણાવેલું પરંતુ મહેમાનોને ખીચડી ખવડાવે એવા કપૂરાના યજમાનો ખરા!

ભોજનનો પ્રબંધ થતાં સુધીમાં અમે બધાંએ ખૂબ પેટ ભરીને પૂ.માના બાપુજીની વાડીનાં અતિ મીઠાં ચીકું ખાધાં.

શ્રી બાબુભાઇ ગુરૂવારે એક ટાઇમ જમે અને એમને ખીચડી પ્રિય નહિ. એટલે પૂ.માને શ્રી બાબુભાઈ માટે ચિન્તા થઈ કે ખીચડી હશે તો શ્રી બાબુભાઈ શું ખાશે? પૂ.મા કેટલી બધી કાળજી રાખે?

પરંતુ પૂ.માના ભાઇના ઘરે સુંદર મિષ્ટાન્નનું ભોજન હતું. ખૂબ પ્રેમપૂર્વક બનાવેલ સ્વાદિષ્ટ ભોજનની તૃપ્તિ સહુએ હૃદયપૂર્વક અનુભવી. એકધારા પ્રવાસનો થાક સહુને હતો,



પરંતુ પૂ.માને તે વિશેષ હોય તે દેખીતું છે. છતાં ભોજન પછી સત્સંગની બેઠક શરૂ થઇ. પૂ.માએ એમના સદ્‌ગત માતા-પિતાને અંજલિ આપી થોડાં ભજન ગાયાં, ગવડાવ્યાં.

એટલામાં સુરતથી રમેશભાઇ તેમ જ અન્ય ૧૦-૧૨ સાધકોનું વૃંદ આવી ચઢયું. પૂ. માએ તે સહુને પણ મિષ્ટાન્નનો પ્રસાદ જમાડ્યો. પૂ. મા આવનારાઓનો કેટલો બધો ખ્યાલ રાખે! નાનામાં નાના માણસની ભાવના પૂ. માથી છાની ન રહે ને તે સરળતાથી પૂરી કરી નાંખે, એટલે સહુને એમાં પૂ. માના વાત્સલ્ય ભાવનું દર્શન થાય.

પૂ. માના મોટાભાઈ બહારગામથી આવીને સત્સંગમાં કયારે બેસી ગયા એની પૂ. માને ખબર જ નહિ. એમણે જ્યારે એમને જોયા ત્યારે ઊભાં થઇ ભાઈના ચરણોમાં વંદન કર્યા. પૂ. માનો વ્યહવાર એટલે આદર્શ વ્યહવાર. એ એની મર્યાદાઓ હંમેશાં પાળે, ને બીજાને પાળવાની શીખ ધરે.

પૂ. માનાં ભાભી ઉમ્મરમાં ખાસ્સાં મોટાં, પરંતુ પૂ.માનું પૂજન કરે, વંદન કરે. આજે પણ પૂ.મા ઊઠ્યાં કે એમણે ચરણોમાં પડી જે શબ્દો કહ્યા તે અદ્‌ભુત હતા.

"મા, આ રીતે અચાનક આવી દર્શનનો લાભ આપતાં રહેજો અને અતિથિઓને લાવતાં રહેજો" કેવો ઉમદા અતિથિ સત્કારનો ભાવ! પૂ. માના પિતાશ્રી કાલીદાસકાકાનો વારસો જાણે બરાબર એમના વ્યહવારમાં વણાઈ ગયો હોય એવું લાગે.

સાંજ થતાંજ બધા સાધકોને પૂ. મા એમના પિતાજીની વાડીએ લઈ ગયાં. આંબા, ચીકુ ને નાળિયેરીનાં વૃક્ષોની એ વિશાળ વાડી આંબાની વિવિધ જાતો, કેસર, હાફુસ, રાજપુરી, લંગડો, પાયરી ને દેશી રસની. આવાં ૮૫૦ જેટલાં કેરીઓથી લચી પડતાં વૃક્ષોનું દર્શન શહેરીજનોને આશ્ચર્યવિભોર કરી દે, એ સ્વાભાવિક છે. શહેરોમાં બેચાર કિલો

કેરી લાવીને ખાનાર વ્યક્તિ હજારો મણ કેરીઓથી ઉભરાતાં વૃક્ષો જોઇ, કોઇ ગરીબ ધનનો ઢગલો જોઇ જેવી લાગણી અનુભવે એવી લાગણી જ અનુભવેને !

હજી કેરીઓ ખાસ પાકી ન હતી અને વાડી કોન્ટ્રેક્ટરને આપી હતી. છતાં નીચે પડેલી કેરીઓના ઢગ જોઇને જ સહુ ધરાઈ ગયા. પૂ. માએ પોતાના સ્વહસ્તે ઘણી બધી કેરીઓ દરેકજણ પોતાના બે હાથોમાં સમાવી શકે એટલી આગ્રહ કરી આપી; જાણે પ્રભુ આપવા બેઠા હોય કે હે માનવ ! જેટલું જોઈએ એટલું લે. પણ પામર બે હાથો કેટલું સમાવી શકે ? અમારી દશા પણ એવીજ થઇ.

ઈશ્વરભાઇ પણ બહારગામથી આવી ગયા હતા. અનિવાર્ય સંજોગોને લીધે એમને બહારે નીકળવું પડ્યું હતું. તેઓ પૂ. મા સામેથી કૃપા કરી આવ્યાં એનાથી ભાવવિભોર બની ગયા. રાતે શ્રી ઈશ્વરભાઈના ઘરે સત્સંગની સરસ બેઠક થઇ. ગામનાં જે કોઈ ભાઇબહેનોને ખબર પડી તે સહુ દોડી આવ્યાં.

કપૂરામાં પૂ. માના પરિવારના કુટુમ્બો રહે છે; પરંતુ તેઓ પરિવારનાં સભ્યો છતાં, પૂ. માને લૌકિકભાવે જોવાને બદલે, એમને આધ્યાત્મિકભાવે જુએ છે. ઉંમરમાં નાનાં હોવા છતાં નાનાં મોટાં સહુ એમને પૂજ્યભાવથી જુએ છે, વંદે છે. એટલે જ પૂ. માને એમનું ખેંચાણ રહે છે. આખરે તો પ્રેમનો ભાવ જ વ્યક્તિઓને પરસ્પર ખેંચનારૂં ચૂંબકીય તત્ત્વ છે. ભગવાન પણ ભક્ત પ્રત્યે પ્રેમના નાતે જ ખેંચાઇને આવે છે ને !

પૂ. માનાં મોટાં બેન શારદાબેન અને બનેવી રમેશભાઇ બંને પૂ. મા પ્રત્યે ખૂબ ઉંચો પ્રેમશ્રદ્ધાભર્યો વ્યવહાર રાખે. પૂ. શ્રીની જેમ એમનો ઉતારો ત્યાંજ હોય. તેઓ કપૂરા-



માંથી આગલા દિવસે જ નવસારી દવા કરાવવા ગયેલાં. પૂ. માના આગમનની એમને કોઇ જાણ નહિ. પૂ. મા કદીક કપૂરા આવે ને આવાં શ્રદ્ધાળું બેનને મળવાનું ન બને તો કેટલું દુઃખ થાય ! આથી પૂ. માએ બીજા દિવસે નવસારી બેનને મળી જવાનું નક્કી કર્યું.

રાત્રિ મુકામ હંમેશની જેમ શ્રી ઈશ્વરભાઈને ત્યાંજ. એમનાં પત્ની મણિબેનનું આતિથ્ય એટલે જાણે આત્મિયતા અને મમતાનો સમન્વય. કોઇને જરાય પરાયું ન લાગે. રાતે સૂતા લગભગ બાર થઇ ગયા. સવારે ચાર વાગે નીકળવાની સૂચના પૂ. માએ આપેલી. એટલે સવારે જલ્દીથી ઉઠવાનું હતું જ.

તા. ૧ મે, ૧૯૮૭ ની અમારી સવાર સાડાત્રણથી શરૂ થઇ. સાડાચારે તો બધા સ્નાનવિધિથી પરવારી, પૂ. માના ઉતારે પ્રાર્થનામાં હાજર થઈ ગયા.

નવસારી પહોંચ્યા ત્યારે હજી સવા છ થયા હતા. સામાન્ય રીતે ઉઠવાનો સમય. શારદાબેનના હોસ્પિટલના ઓરડે ટકોરા માર્યા તો તેઓ તો આભા જ બની ગયાં. ‘ હે મા, તમે ! છેક અહીં આવ્યાં ! અમે યાદ કરતાં હતાં. ’ એટલું બોલતાં એમની આંખો ભરાઈ આવી.

પૂ. માએ કહ્યું. ‘ એટલે તો અમે હાજર થઇ ગયાં. ’ અમે તમારા ઘરમાં તમારી ગેરહાજરીમાં મહેમાન થઇ આવ્યાં. ચિંતા ન કરતાં. કોઇ તકલીફ શ્રી મોહનલાલે પડવા દીધી નથી. ”

પૂ. માએ બેનની ખબર પૂછી દાકતરોના રિપોર્ટ વિષે જાણ્યું. બેનને કહ્યું, “ જરૂર હોય તો અમે અહીં રહી જઈએ. અહીં બેઠાં પણ ભગવાનનું નામ તો લેવાશે જ. ”

શ્રી રમેશભાઈએ એવી આવશ્યકતા નથી એમ ભારપૂર્વક

જણાવ્યું.

દાક્તરી રિપોર્ટ સાંજે આવવાનો હતો. એટલે ટપાલથી જાણ કરવાનું શ્રી રમેશભાઇએ કહ્યું. પૂ. મા તુરત જ બોલી ઊઠ્યાં. "ટપાલ ન લખતા. અમે કાલથી મૌનમાં બેસવાનાં. એટલે મહિના સુધી કોઈ ટપાલ નહિ વાંચવાનાં."

પૂ.માના એ શબ્દોમાં પ્રેમ છતાં જાણે કોઇ આસક્તિ કે મમત્વ નહિ, એનું દર્શન થયું. શારદાબેન અને પૂ.મા વચ્ચે ખૂબ સ્નેહ. સમજ પણ એટલીજ. છતાં પૂ માને કશાનું વળગણ નહિ. કેવો સમજપૂર્વકનો ઉત્તમ માનવીય વ્યહવાર છતાં એક સંતની અનાસક્તિ.

લગભગ દોઢ બે કલાક શાંતિથી બેસી, બેનનો મમરાનો પ્રસાદ પામી અમે સહુ નીકળ્યા ત્યારે એ દંપતીની આંખોમાં જે ભાવ ઉભરાતો હતો તે અદ્દભુત હતો. સાચો પ્રેમ કોને ભીંજાવતો નથી! પૂ.માનું બે કલાકનું અણુકલ્પ્યું સાન્નિધ્ય એમને આનંદવિભોર કરવા માટે પૂરતું હતું.

અમારા શ્રી મહેતા સાહેબ નવસારીમાં રહેલા, એટલે બધાંને માટે સરસ ખોપરાનાં બીસ્કીટ અને ભેળ લઇ આવ્યા. પૂ.મા પોતે ઉપવાસ કરે, પાણી પણ ન પીયે, પરંતુ સાથે પ્રવાસ કરતા સહુનું ખૂબ ધ્યાન રાખે. કોઇ ભૂખ્યું રહે તે પૂ.માને જરાય ગમે નહિ. પૂ.માએ બધાંને ખૂબ પ્રેમપૂર્વક નાસ્તો કરાવ્યો-ભોજનની જરૂર ન રહે એટલો.

પૂ.મા ખૂબ સંવેદનશીલ ને લાગણીને સમજે. કપૂરા ગયાં ત્યારે થોડા વખત પહેલાંજ વિધવા થયેલ દમયંતીબેન એમને પીયર ગયેલાં. જીવનના આ દારૂણ દુઃખમાં પૂ.માએ એમને ખૂબ સાંત્વન ને સધિયારો આપેલો. એટલે ખાસ્સુ કષ્ટ ઉઠાવી પૂ.મા નેત્રંગ ગયાં. કેવી કરૂણા!

અને દમયંતીબેનને તો કલ્પનાય કયાંથી હોય કે પૂ.મા



એમને મળવા છેક નેત્રંગ આવશે?

પૂ.મા ગાડીમાંજ બેસી રહ્યાં, પરંતુ દમયંતીબેન તો એમના ચરણે લપટાઈ ગયાં, એ કરૂણ છતાં પ્રેમમય દશ્ય કોઈનેય વિચલિત કરી દે એવું હતું. એમનાં બા-પિતાજી સહુ ખૂબ ભાવિક. અમારૂં ખૂબ પ્રેમભર્યું સ્વાગત કર્યું.

સાચી સરળ લાગણીભર્યું ગ્રામ્ય આતિથ્ય અમે સહુએ માણ્યું. જીવનના નાના સરખા આવા પ્રસંગો કેવી સરસ સ્મૃતિ બની રહે?

નેત્રંગથી નીકળ્યા ત્યારે સાડા દસ થઈ ગયા હતા. વડોદરા પહોંચતા પહેલાં માર્ગમાં થોડે અંદર કાયાવરોહણ આવે. અમો સહુએ તે જોયેલું, પરંતુ અમારામાંથી માલતી-બેન અહીં આવેલાં નહિ. પૂ.માને થયું, ભલે થોડું કષ્ટ પડે, પણ એમને એનું દર્શન થઈ જાય તો સારૂં. સંસારમાં સ્ત્રી-ઓને ઘરમાંથી નીકળવાનું ખાસ બને નહિ, ફરી પાછો કયારે એ જીવ આવી શકશે? કેવી કરૂણા!

ભગવાન લકુલેશનાં દર્શન અમે સહુએ પ્રેમપૂર્વક કર્યાં. કાયાવરોહણમાં કોઇકનો લગ્ન પ્રસંગ ને સંમેલન જેવું લાગ્યું. ખૂબ માણસો હતાં. આવા સમારંભો આધ્યાત્મિક વાતાવરણને પોષક નથી બનતા. જાણે કોઇ પ્રવાસધામ કે પીકનીક સ્પોટનું વાતાવરણ બની જતું હોય છે. અગાઉ જોયેલી આ સ્થળની આધ્યાત્મિક વાતાવરણીય શાંતિ આજે ન લાગી

પાછાં વળતાં પણ શ્રી જીતુભાઇનું આતિથ્ય સહુએ પ્રેમ-પૂર્વક માણ્યું. સ્નેહીઓને ત્યાં લગ્નમાં જવાનું આવશ્યક છતાં, કુંદનબેનનો જીવ તો ઘરે પૂ.માના સ્વાગત માટે તલ-પાપડ. ખબર પડતાંજ આવ્યાં ને આખો પરિવાર અમારી સહુની સરભરામાં લાગી ગયો.

અમે વડોદરાથી નીકળ્યા ત્યારે અમારા સહપ્રવાસી શ્રી ભગવાનભાઈ શ્રીમદ્ રાજચંદ્રના ઉપાસક વિદ્યાનગર પાસે અગાસમાં એમનો સુંદર આશ્રમ. પૂ. માએ અમને કહ્યું, "ચાલો, આપણે હવે શ્રી ભગવાનજીભાઈના ભગવાનનાં દર્શને જઈએ."

અગાસનો શ્રીમદ્ રાજચંદ્રનો આશ્રમ ઘણો વિશાળ, સ્વચ્છ ને શાંત છે. 'પોતાના સ્વરૂપને ઓળખવાનો એમનો ઉપદેશ' આંતરિક સાધનાનો પાયો છે—અને જે પરમપુરુષ આનું જ્ઞાન આપે, તેજ સાચા ગુરુ. મનમાં આ વાત દૃઢ થઈ જાય, તો દેહની આળપંપાળ ઓછી થઈ જાય અને પરમપદને પામવાની દિશામાં પગલાં ભરાય.

આશ્રમની વ્યવસ્થા સુંદર છે. અહીં ભોજન અને ભજન-નો લાભ સાચા જિજ્ઞાસુઓ લઈ આત્મિક સાધના કરી શકે એવું સરસ વાતાવરણ અમને લાગ્યું. મંદિરના પવિત્ર વાતાવરણમાં કોઈ ખૂણામાં બેસી જઈ, જાતમાં ડૂબકી માર-વાની મઝા અહીં માણવા જેવી અમને લાગી. આ આશ્રમ-ના પવિત્ર પરમાણુઓમાં નાહીને અમે ખરે જ શાંતિનો અનુભવ કર્યો.

એ ભૂમિને વંદન કરી આણંદ પાસેના લાંભવેલ ગામના પ્રાચીન હનુમાનજીના દર્શને પૂ. મા અમને લઈ ગયાં. આ ચમત્કારી હનુમાનજીને અમે પ્રાર્થના કરી "અમારાં પૂ. માનું વ્રત પરિપૂર્ણ કરી; એમના ઇપ્સિત ધ્યેયની પૂર્તિ કરો. આપનો આ ચમત્કાર બતાવો, હે પ્રભુ!"

અમારી ઇચ્છા એવી હતી કે પૂ. મા રજા આપે તો સીધા અમદાવાદના બસ સ્ટેન્ડે ઉતરી જવું. પરંતુ પૂ. માએ રજા ન આપી. એમાં અમારી જ ભલાઈની વાત હતી. પણ અમે તે કેમ સમજી શકીએ?



પૂ. માએ કહ્યું "જ્યાંથી યાત્રાએ નીકળ્યા ત્યાં સુધી સાથે જઈએ ત્યારે યાત્રા પૂરી થઈ ગણાય." પૂ. માની વાત અમે ન ટાળી શક્યાં.

અમદાવાદ આવ્યા ત્યારે રાત્રે સાડાનવ થયા હતા. ભાઈ અમિત અને ભીખુભાઈ વગેરે પૂ. માના આગમનની રાહ જોઈ રહ્યા હતા. અમારા આશ્ચર્ય વચ્ચે અમને ખબર પડી કે અમારી પુત્રી જ્યોત્સ્ના પૂ. માના દર્શને ખાસ મુંબઈથી આવી હતી. અમને થયું સારૂં થયું કે અહીં આવ્યા, જો સીધા બસ સ્ટેન્ડે ગયાં હોત તો દીકરીનો મેળાપ ન થાત ને તેનું દુઃખ મનમાં રહેત. પૂ. માએ ઉતારે આવવા સૂચના આપી એમાં અમારૂં જ મંગલ હતું, તેનું હવે ભાન થયું. માયાથી આવરિત જીવ પોતાનું ભલું શામાં છે, તે ક્યાંથી સમજી શકે?

પચાસ કલાકમાં અમે સાતસો ઉપર કિલોમીટરનો પ્રવાસ ખેડ્યો હતો, તેમાં ઊંઘ પણ પૂરી મળી ન હતી. છતાં પૂ. માના સાન્નિધ્યથી જાણે કોઈ પરિશ્રમ જણાતો ન હતો; પરંતુ પૂ. માને તો થાક લાગે એ સ્વાભાવિક હતું, કારણ અત્યારે પૂ. માનું વ્રત એવું ચાલતું કે એક દિવસ થોડું દૂધ, એક દિવસ પાણી અને એક દિવસ પાણી પણ નહિ. આવા ઉનાળામાં—સતત પ્રવાસમાં પાણી વિનાનો ઉપવાસ કેવો આકરો લાગે? એતો બે ચાર કલાક પ્રવાસ કરે તેને જ ખબર પડે; ત્યારે અમે તો લગભગ સત્તર કલાકનો આજે પ્રવાસ ખેડ્યો હતો.

તા. ૨/૫ ના રોજ પૂ. મા મૌન ધારણ કરવાનાં હતાં, પરંતુ અમારા ઉપર અનુગ્રહ કરવા ખાતર જ તે દિવસે સાંજથી મૌન એકાંત ધારણ કરવા નક્કી કર્યું.

પૂ. માએ સર્વમંગલ ટ્રસ્ટની મીટીંગ પણ રાખેલી તે

બેઠક પૂરી થતાં ભજન ને પ્રાર્થના સાથે પૂ. માએ મૌન ને એકાંતના વ્રતનો પ્રારંભ કર્યો. પૂ. માની આ આધ્યાત્મિક મથામણ સમા કસોટીરૂપ તપના પ્રારંભે અમને હાજર રહેવા મળ્યું એનો અમને આનંદ હતો. સાથે મનમાં દુઃખ પણ થતું કે પૂ.માને આવા કઠોર ઉપવાસો ક્યાં સુધી કરવા પડશે? પ્રભુ એમના ઉપર ક્યારે કૃપા વરસાવશે?

મૌન એકાંત દરમ્યાન કોઈ વ્યક્તિ સાથે વાત તો નહિ, પણ કોઈનું મુખ પણ જોવાનું નહિ. કોઈ આવશ્યકતા હોય તો કેવળ ચીઠ્ઠી વડે તે જણાવી દેવાની.

શ્રી મહેતા સાહેબ અને તેમનાં પત્નીએ પૂ. માને ઉપવાસો ને એકાંતમાં કોઈ અગવડ ન પડે તે માટે બધા જ પ્રકારની સુવિધા ગોઠવવાનો પ્રબંધ કરેલ. પ્રેમ ને શ્રદ્ધાભક્તિ વગર કોણ આવું કષ્ટ ઉઠાવે?

મૌનના પ્રારંભ પહેલાં પૂ. માએ અમને બોલાવી હવે પ્રેમપૂર્વક જવાની રજા આપી. છ આઠ કલાકને બદલે છન્નુ કલાકનું સાન્નિધ્ય ને અણધારી મંગલયાત્રાનો લાભ પૂ. માએ અમને આપ્યો હતો. એ એમની કરુણા કે કૃપા સિવાય શી રીતે શક્ય બન્યું હોત? મૂઢ માયાગ્રસ્ત જીવ ઘણીવાર પોતાનું મંગલ વિચારી શકતો નથી એવી જ અમારી દશા હતી. છતાં પૂ. માના અનુગ્રહે અમને નવરાવી દીધાં હતાં, એમ કહું તો ચાલે.

અનુગ્રહની પરાકાષ્ઠા તો અમે ત્યારે અનુભવી જ્યારે રાતના આઠની બસમાં અમે બેઠાં ત્યારે એટલી ભીડ કે ન પૂછો વાત. ૩૬ ટિકિટો રીઝર્વ હતી. પરંતુ અમે જે ત્રણ બેઠકો ૨૭–૨૮–૨૯ ઉપર બેઠેલાં, ત્યાં રીઝરવેશનવાળાં આવ્યાંજ નહિ. નહિ તો અમારે ઊભાં ઊભાં મુસાફરી કરવી પડત. બસ ઉપડતાંજ અમે પૂ. ગુરુદેવ અને પૂ. માનો જય



પોકારી એમને મનોમન પ્રણામ કર્યા.

આ અણધારી યાત્રામાં પૂ. માના જીવનનાં વિવિધ પાસાંઓનું દર્શન એ પણ અમારે મન મોટી યાત્રા સમ હતું. એનું સ્મરણ મનઃપટ ઉપર થયાં કરતું. આવી અણધારી યાત્રા કરાવનાર પૂ. ગુરુદેવનો જય હો, પૂ. માનો જય હો.

અયોગ્ય સ્વભાવ ફેરવવા સત્સંગ છે, તે ન ફેરવાય તો સત્સંગે શો ઉપકાર કર્યો?

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૮૭૨૨૩
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-
કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨

# સંતોનું પ્રદાન

ભરતભાઈ વિઠ્ઠલભાઇ ભક્ત

"જીવનને નવજીવન બનાવી જાય છે સંતો,
પતિતને પાવનકારી બનાવી જાય છે સંતો,
પારસના સંગ થકી સુવર્ણ બને લોખંડ ખરે,
ખીણમાં પડેલાને શિખરે લઇ જાય છે સંતો.

બાળસ્વરૂપે જન્મ લઇને પ્રત્યેક માનવી અવનિ પર અવતરે છે. પૃથ્વીની હવાને પામીને, સ્વજનોના સથવારાની હૂંફ પ્રાપ્ત કરીને જીવનની કેડી પર એ પા પા પગલી ભરે છે. જીવનપથ પર કદમ ભરતાં ભરતાં એ નિતનવીન સહવાસને પામતો જાય છે, જામતો જાય છે. અને એમને એમ એ મોહમાયાના બંધનોમાં ફસાતો જાય છે. અરમાનોના મિનારા એના સ્વપ્નોને રંગીન બનાવે છે. જ્ઞાનના સીમાડા વિસ્તરતા જાય છે. પોતાનો હેતુ અને કર્તવ્ય એ વીસરતો જાય છે. આવા સાંપ્રતકાળે એને જરૂર છે માર્ગદર્શનની, સાચી સમજની, સાચી દોરવણીની, સાચી દિશાની. આ બધાં માટે અતિ આવશ્યક પરિબળ છે સાચો સંગ–સત્સંગ–સંતસંગ.

જેના સાન્નિધ્યમાં જતાં તન અને મનના ત્રિવિધ તાપોનું શમન થઈ જાય તે સંત. મેંદીની જેમ પીસાઈ જઈને અન્યના જીવનને રંગ અર્પે તે સંત. શેરડીની જેમ પીલાઇને અવરને મધુર રસ પાઈ શકે તે સંત. સુવર્ણની જેમ અગ્નિ પરીક્ષામાંથી પસાર થઇને ઝળકી ઉઠે તે સંત. પથ્થરનો ઘા સહન કરીને આમ્રવૃક્ષની જેમ બીજાને સ્વાદિષ્ટ ફળ આપે તે સંત. બળ બળતો તડકો સહન કરીને ગરમીથી વ્યાકુળ બનેલા જીવોને ઠંડક આપતા વૃક્ષની જેમ જે જીવે તે સંત. હંસની



જેમ ક્ષીરનીર વિવેક ધરાવી શકે તે સંત. પ્રભાવને છુપાવી સ્વભાવ પ્રગટ કરે તે જ સંત. ભુજંગોથી વીંટળાયેલા ચંદનની જેમ સુગંધ રેલાવે તે સંત. ચંદ્રની જેમ શીતલતા અર્પે તે સંત. સંતના ગામો જુદા નથી વસતા અને સેતાનો કંઈ વનમાં કે ભૂગર્ભમાં નથી રહેતા.

ભૌતિક સુવિધાઓમાં ખોવાયેલ માનવને અભૌતિક ગુણોની પણ તાતી જરૂરત છે. એની પ્રાપ્તિ માટે કોની પાસે જવું ? કોનો સંગ કરવો ? કોનામાં શ્રદ્ધા રાખવી ?–આ બધા પ્રશ્નોનો એક અનન્ય જવાબ છે–'સંત. સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી'–સંતોનો સથવારો કદી નિષ્ફળ નીવડતો નથી. ખડકાળ જમીનમાં અંકૂર ફૂટી શકે છે પણ તે માત્ર સંતના સથવારાથી. સંતનું સાન્નિધ્ય, સંતોનું સેવન, સંતવાણીનું શ્રવણપાન, ચિંતન અને પછી અમલીકરણ–આટલા પગલાં જ જીવનને ઉર્ધ્વગામી બનાવે છે. જિંદગીના પ્લાસ્ટિકના પુષ્પમાં સાચી સૌરભ પ્રગટાવવાનું ભગીરથ કામ તો સંતો સિવાય બીજું કોણ કરી શકે એમ છે ?

મનમાં જન્મેલા વિચારના આચરણને જે પચાવે તે જ સંત થઈ શકે, બુદ્ધિના અશ્વ પર આરૂઢ થઇને દિશાશૂન્ય બનીને જે ઘૂમી શકે તે માણસ, સંત નહીં, સત્યને જે જીવી શકે–જીરવી શકે તે સંત, સંતના શબ્દમાં તાકાત હોય છે. શબ્દોને ઘૂંટી ઘૂંટીને સંતોએ મંત્રો બનાવ્યા, સંતનો શબ્દ તો ઊંડાણમાંથી પ્રગટે છે–ફૂટે છે, આપણો શબ્દ તો જીભની ખરબચડી સપાટી પરથી લથડિયા ખાતો બહાર નીકળે છે. સંતના શબ્દમાંથી સ્નેહ, લાગણી અને નિઃસ્વાર્થનું ઝરણું વહે છે જ્યારે આપણા શબ્દમાંથી ઘૃણા, ઈર્ષ્યા અને સ્વાર્થનો નર્યો દંભ પ્રગટે છે, સંત કહેવડાવવું સરળ

છે પણ થવું મુશ્કેલ છે. આપણને તો માત્ર કહેવડાવવાનું જ ગમે છે પણ થવાનું બિલકુલ પસંદ નથી.

સંતસમાગમ જીવન પ્રવાહને પલટી શકે છે. ઇતિહાસ આજે પણ આ બાબતની ગવાહી પૂરે છે. વાલિયાને વાલ્મિકી બનાવનાર કોણ હતું ? અંગૂલિમાનને સન્માર્ગે વાળનાર કોણ હતું ? અજામિલનું જીવન પલટાવનાર કોણ હતું ?–રામ, કૃષ્ણ, નાનક, સંત રઈદાસ, સુરદાસ, ગોસ્વામી તુલસીદાસ, સંત જીવણદાસ, આવા આવા તો કેટલાયે સંતોની ગાથા આજે પણ ભારતમાં ઘરેઘરે ગવાઈ રહી છે. ગંગામાં નાહવાથી પુણ્યશાળી બનાતું હોત તો એમાં રહેલી માછલીઓ અને બીજા અનેક જળચરોને ક્યારનીય મુક્તિ મળી ગઇ હોત ! સંતસેવન ક્ષણવારમાં જીવનને પલટી નાંખે છે, અલબત્ત લોખંડને રંગતા પહેલા એના પરનો કાટ સારી રીતે દૂર કરવાની ખાસ જરૂર હોય છે. સંતસમાગમની એક ક્ષણ પણ જીવતરને પલટી નાંખે છે.

"એક ઘડી આધી ઘડી, આધિમેં પન આધ,
તુલસી સંગત સાધુકી, કાટે કોટિ અપરાધ."

સંત કૃપાથી માયા પ્રત્યે નફરત થાય છે. સંતો આપણા જીવનના સાચા રાહબર છે. માણસને માનવ બનાવવાનું કામ સંતો કરે છે. જતિ સિવાય જીવનને જીવવા જેવું બીજું કોણ બનાવી શકે ? પારસમણિ જ લોખંડને સુવર્ણમાં પલટાવી શકે છે. અને કનકના જ મૂલ્ય અંકાય છે, કથીરનાં નહિ.

આપણા બાહ્યાચાર જોઈને ભગવાનને પણ ઊબકા આવવા લાગ્યા છે. આત્મજ્ઞાન અને આચાર આ બંનેનો જ્યાં લગી સમન્વય ન સધાય ત્યાં સુધી દર્શનને નામે કરાતાં પ્રદર્શનો



નકામાં છે. કહેવાય છે કે "હરિને ભજે તે હરિનો થાય." આત્મજ્ઞાન વિના બધું નકામું છે. અને આત્મજ્ઞાન માટે સંતના ચરણે જવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. સંતના શરણે જવા માટે પણ આપણે પાત્રતા કેળવવી જોઇએ. ચાળણીમાંથી લોટ નીચે પડી જાય અને ચાળણીમાં માત્ર થૂલાં જ રહે તેમ બનવું જોઇએ નહીં. દયા, પ્રેમ, શ્રદ્ધા, કરુણા, સમદૃષ્ટિ સદ્‌ભાવના અને નિરાભિમાનીપણુ વિનાનું સંતસેવન એ કેવળ મેલાં પિત્તળ પર કલાઈના ઢાળ ચઢાવવા જેવું છે.

વેદનાના વારિ પી પીને સંવેદનાનું ગીત ગૂંજતું કરવાની ક્ષમતા સંતમાં હોય છે. સંતવાણી એ દિવ્યવાણી છે. એનું આચમન કરીને પામર જીવ તૃપ્ત થાય છે. એને મળે છે એક નવી દિશા, એક નવો અભિગમ. એને માર્ગે ચાલનાર નર, નર મટીને નારાયણ બની જાય. સંતના પગલે પગલે શાંતિ, સંતોષ, કરુણા, અનુકંપા, ઊર્મિ, શીતલતા વગેરેની બૌછાર છવાઈ જાય છે. સંતચરણની સેવા એટલે પ્રભુ પ્રાપ્તિનો ભવ્ય દરવાજો. સંતને પગલે વન નંદનવન બની જાય. સંત એટલે નિર્મળતા, પવિત્રતા અને આધ્યાત્મિકતાની કારુણ્ય પ્રતિમા. પૃથ્વી પરની બધી નદીઓ સાથેની ખારાશને તો સમુદ્ર જ અપનાવી શકે અને એ ખારાશમાંથી અમીવાદળી પણ એ રત્નાકરમાંથી જ ઉદ્‌ભવી શકે. જાતને જલાવીને–ઓગાળીને અંધકારમાં પ્રકાશ તો મીણબત્તી જ ફેલાવી શકે. જાતે જ વીંધાઈ જઈને આભૂષણ તો મોતી જ બની શકે.

જલધિના અફાટ જલમાંથી ચાંચે ચાંચે કેટલું જલ ઊલેચી શકાય ? વિશાળ ગગનના નાનાં નાનાં ટૂકડા શકય છે

ખરા ? તળેટીમાં ઊભેલાને શિખરની ઊંચાઈનો ખ્યાલ આવે ખરો ?–બસ, તેવું જ સંતની બાબતમાં છે. સંત એટલે જ વિશાળ વારિધિ અને વ્યોમ. એમની મહત્તાનો પાર–તાગ કેવી રીતે કાઢી શકાય ? આપણી શક્તિ પણ એમનો તાગ કાઢતા કાઢતા કુંઠિત બની જાય છે. ખરેખર સંત એટલે સંત જ.

ચાલો, સંતોને સેવીને, પામીને, જીવનને કંડારીએ.

મનમાં શ્રદ્ધા ને ઉત્સાહ રાખી ઇષ્ટ મંત્રનો જપ કરતા રહેવાથી મનની ચંચલતા દૂર થાય છે, એ બહુધા સૌથી સરલ ને સર્વથી સાધી શકાય એવું સાધન છે.

*

કીર્તન ભક્તિ કરવાથી તથા પોતાના શુદ્ધ સ્વરૂપની ભાવના કરતા રહેવાથી પણ મનની ચંચલતા ટળી શરીર પણ સુધરે છે.

*

જે જે સાધક પ્રતિકૂલતામાં મુગ્ધ થઇ પોતાનું કર્તવ્ય ભૂલે છે તે તે સાધકે પોતાના ચિત્તનો અધિકાર વધારવા વિશેષ પ્રયત્ન કર્તવ્ય છે.

—પૂજ્યપાદ શ્રીમન્નથુરામશર્માજી



# ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ શ્રીફળ અને કુમકુમ ચાંલ્લો (૨)

પુષ્કર ચંદરવાકર

ડૉ. જે. પી. અમીન ગુજરાતના માન્ય યુવાન મૂર્ધન્ય કોટિના ભારતીય સંસ્કૃતિના વિદ્વાન પંડિત અને અધ્યાપક છે. તેઓ અનેક શાસ્ત્રના જ્ઞાતા અને વિજ્ઞાતા હોવા ઉપરાંત તેઓ સાત્ત્વિક વૃત્તિના સંત શા સાધક અને તત્ત્વજ્ઞ છે. વય ઝાઝું નથી. માંડ માંડ બાવન વર્ષનું, આટલી વયમાં તેમણે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, શિલ્પ સ્થાપત્ય અને પ્રતિમા શાસ્ત્ર, ભારતીય સંસ્કૃતિ અને ભારતીય તત્ત્વજ્ઞાન, ભારતીય ધર્મો અને ઇતિહાસ, યોગશાસ્ત્ર વગેરે વિષયોમાં અવગાહન કરીને કેટલાક મૌલિક તારતમ્યો તારવ્યા છે.

તેઓ ભારતીય સંસ્કૃતિના અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી હોવાના કારણે તેમને ઇ. સ. ૧૯૬૫માં 'ધ એક્સપેરિમેન્ટલ ઇન્ટરનેશનલ લીવીંગ' ના ઉપક્રમે અમેરિકાનો પ્રવાસ ખેડયો ત્યારે અમેરિકામાં વસતા અનેક ભારતીયોના પરિચયમાં આવ્યા, વાર્તાલાપો કર્યા, સાથો સાથ જ્ઞાનગોષ્ઠિ અને પ્રશ્નોત્તરી. સંસ્કૃતિના પ્રિય તેમનું વલણ ભારતીય સંસ્કૃતિ, ભારતીય તત્ત્વજ્ઞાન, પ્રાણાયામ અને યોગ ભણી વધુ ઢળેલું રહે છે. જોકે તેઓ ઉત્તમ કોટિના સંશોધક, વિચારક, તત્ત્વચિંતક, સાધક અને લેખક પણ છે. સાથોસાથ તે દિવ્ય આત્મા તો છે. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારમાં રમતો. તેઓ ઇ. સ. ૧૯૬૫માં અમેરિકા ગયેલ તેનાં સ્મરણો લખી જણાવતાં તેઓ કહે છે કે, 'અમેરિકામાં મને આહારમાં

બહુ અનુકુળતા આવી, ફળફળાદિ તેનાં રસ, ગાયનું દૂધ, દહીં, માખણ વગેરે મને ગમતી ચીજ વસ્તુઓ ત્યાં ઢગલા બંધ મળતી. અમે જ્યાં જઇએ અને રહીએ ત્યાં ફ્રીઝમાં આ બધી વસ્તુઓ ઢગલા બંધ હોય જ. એટલે મને તો ત્યાં ખોરાકના અનાજના પ્રશ્નો ઊભા થયેલા નહીં. બે મહીના સુધી સંપૂર્ણ ગાયનું દૂધ અને ફ્રૂટ-જ્યુસ ઉપર જ રહેલો (ડો. અમીન આજે પણ દૂધ ઉપર જ રહે છે.)

"અમેરિકામાં અમેરિકન કુટુંબમાં રહેવાનું હતું. અમેરિકન રીતરસમો નિહાળવાની તક મળી. અમેરિકન કુટુંબ વ્યવસ્થા, સ્વતંત્રતા, બાળ ઉછેર વગેરે ઘણું જોવાનું મળ્યું પણ મને ત્યાં સૌથી વધુ ઉપયોગી તો મારો વિષય ભારતીય સંસ્કૃતિ અને યોગાભ્યાસ થઈ પડ્યો. એને કારણે ઘણા અમેરિકન કુટુંબો મને એકલાને પોતાને ત્યાં નિમંત્રણ આપતા, ધ્યાન વિશે જાણવાની જિજ્ઞાસા બતાવતા. આર્થર મોર્ગનના પુત્ર વગેરે મને મળવા આવેલા. મને એમને ત્યાં લઈ ગયેલા. ધ્યાન વિશે અને યોગાભ્યાસ વિશે ઘણી વાતચીત થયેલી. એમણે સામુહિક રીતે 'ધ્યાન' નો પ્રયોગ જોયેલો. ત્યાંની યુનિવર્સિટી તથા અન્ય સ્થળોએ જે વાર્તાલાપ થયેલા એમાં 'ભારતીય સંસ્કૃતિ' વિષયનું જ પ્રાધાન્ય રહેલું. એ લોકોમાંથી ભારતીય સંસ્કૃતિ વેદો, ઉપનિષદો, ભારતીય કુટુંબ વ્યવસ્થા, કૌટુંબિક પરંપરાઓ, રીતરિવાજો, સંસ્કારો, તત્વજ્ઞાન વગેરે જાણવાની જિજ્ઞાસાવાળા ઘણા માણસો મળેલા. કેટલાકના સીધા પ્રશ્નો હતા.

(૧) ભારતીય નારી શા માટે કપાળમાં ચાંલ્લો કરે છે... ?

(૨) ત્યાંની ધાર્મિક વિધિમાં અને લગભગ બધી જ જગ્યાએ બધી વિધિઓમાં શ્રીફળ (નારીયેળ) કેમ હોય છે... ?



તેઓ નોંધે છે કે, મારું મૌલિક ચિંતન આવા પ્રશ્નોના ઉત્તરમાં ઉપયોગી થઇ પડયું. એ વખતે મને અંદરથી પ્રશ્નના જવાબ સ્વરૂપે એકાએક આંતર સ્ફૂરણ-અંઃ ઇન્ટયુએશન થતાં હતાં. આથી જવાબો સચોટ, સીધા, અને અસરકારક રહેતા, પ્રાશ્નિકોને પણ મારા ઉત્તરથી સંતોવ થતો એટલું જ નહીં પણ તૃપ્તિ થતી.

શ્રીફળ એ આપણા ભારતીય જીવનનું એક પ્રતીક અં સીમ્બોલ છે. એ આપણા અંતિમ લક્ષનું ધોતન કરાવે છે. જીવનના વિવિધ તબક્કાનું દર્શન કરાવે છે. ચાર આશ્રમોના ચાર તબક્કાનું દર્શન કરાવે છે. ભારતીય સંસ્કૃતિમાં ચાર આશ્રમો છે તેમાં પ્રથમ બ્રહ્મચર્ય આશ્રમ-બાળપણ. ગૃહસ્થાશ્રમ-યુવાવસ્થા. વાનપ્રસ્થાશ્રમ-પ્રૌઢાવસ્થા અને સંન્યસ્તાશ્રમ વૃદ્ધાવસ્થા. અને ચાર પુરુષાર્થ છે. (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (મોક્ષ). શ્રીફળ આ ચારેય અવસ્થાઓમાં ચારેય પુરુષાર્થનું સ્મરણ કરાવી, મોક્ષ જીવનનું અંતિમ ધ્યેય છે-તે જ પરમ પુરુષાર્થ છે, એનું સ્મરણ કરાવે છે.

બાળપણનું જીવન શ્રીફળની પ્રારંભિક અવસ્થા જેવું છે. શ્રીફળની નિર્મલ નીરની જેમ તે નિર્દોષ નિર્મલ અને ઉલ્લાસિત હોય છે. આ કુદરતી રચનાક્રમ છે. શ્રીફળનું પાણી એકદમ સ્વાદિષ્ટ, મિષ્ટ, પથ્ય નિર્મળ અને આરોગ્યપ્રદ છે, એવું જ આપણું બાળપણ છે. શ્રીફળની અંદર પરિવર્તનો શરુ થાય છે. રગડો શરુ થાય છે. અંદર કોપરું (કોચલું) બાઝવા લાગે છે. એવી જ રીતે માનવીના બીજા તબક્કામાં યુવાવસ્થામાં-ગૃહસ્થ અવસ્થામાં રગડો શરુ થાય છે. નિખાલસતા, નિર્મલતા, નિર્દોષતા અને ઉલ્લાસિતતા અલોપ થવા લાગે છે. પછી શ્રીફળમાં કોપરું અને પાણી અલગ થાય

છે. અંતે પાણી સૂકાઈ જાય છે અને ગોળો કાચલીથી એકદમ છૂટો પડી જાય છે. અંદરથી ગોળો એકદમ જુદો રહે છે. જે રીતે દેહથી આત્મા પોતાનું સ્વરૂપ-ચેતન તત્ત્વ જુદુ છે, તે રીતે આ ગોળો કોચલાથી જુદો રહે છે...'

આપણું મનુષ્ય માત્રનું આ અંતિમ ધ્યેય છે. તે અંતિમ ધ્યેય મોક્ષ છે. રાગદ્વેષરૂપી પાણી સૂકવી નાંખીને દેહથી આત્મા પર છે, તેવો ત્યારે અનુભવ કરવાનો હોય અને એ અનુભવમાં રહેવું એ પરમ પુરુષાર્થ છે. એ આપણું પરમ ગંતવ્ય સ્થાન છે.

આ અંતિમ ધ્યેયના સ્મરણરૂપે લગભગ તમામ ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં જે તે વ્યક્તિને 'શ્રીફળ' ભેટમાં આપીએ છીએ અને વ્યક્તિ ગમે ત્યાં જાય, વચ્ચેના સમયમાં ગમે તે કરે, તો પણ અંતિમ ધ્યેય તો મોક્ષનું હોવું ઘટે. એ આંતર મનમાં દૃઢ રહે, તેનું સ્મરણ સદાય રહે, તેની યાદ તાજી રહે, તે માટે આ ધ્યેયોને વારંવાર યાદ કરવા માટે વારંવાર પ્રત્યેક પ્રસંગમાં શ્રીફળ આપવામાં આવે છે. શ્રીફળ આપનાર અને લેનાર બન્નેને આ ધ્યેયનું સ્મરણ થઇ જાય તેવા ઉદ્દાત્ત હેતુથી વિવિધ વિધિવિધાનોમાં શ્રીફળ હોય છે."

ભારતીય નારીના ભાલ( કપાળમાં )મધ્યે કુમકુમ ચાંલ્લાનું રહસ્યોદ્ઘાટન ને અર્થઘટન કરતા ડો. જે. પી. અમીન સ્પષ્ટ કહે છે કે, 'એવું જ ગૂઢ રહસ્ય ભારતીય નારીના ચાંલ્લામાં છે.' પ્રો. અમીન ડાયરીમાં નોંધે છે કે, 'આ પ્રશ્ન જ્યારે પૂછેલો ત્યારે અમારી સાથે ગૃહવિજ્ઞાન ( હોમ સાયન્સ ) ના એક પ્રાધ્યાપિકાબહેન પણ હતાં. જેમને કપાળમાં ચાંલ્લો કરેલો. એમને સંબોધીને એક અમેરિકન



સન્નારીએ પ્રશ્ન કરેલો. એના ઉત્તરમાં પ્રાધ્યાપિકાબહેને કહેલું કે એ સૌભાગ્યનું ચિહ્ન છે! આ ઉત્તર સાંભળીને અમેરિકન સન્નારીએ ગોળીબારની જેમ તત્ક્ષણ વળતો પ્રશ્ન પૂછયો કે ભારતમાં તો કુમારિકાઓ પણ ચાંલ્લો કરે છે, માત્ર સૌભાગ્યવતી બહેનો જ ચાંલ્લો કરે છે તેવું જ માત્ર નથી. કુમારિકાઓ પણ ચાંલ્લો કરે છે, તેનું શું કારણ છે? આ પરંપરા માત્ર સૌભાગ્યવતી બહેનોની જ હોય તો કુમારિકાઓ શા માટે ચાંલ્લો કપાળમાં કરે છે?

આ પ્રશ્નથી પ્રાધ્યાપિકાબહેન તથા તમામ જણ નિરુત્તર થઇ ગયા. તે સમયે આ મુખેથી આનું સમાધાન થયેલું તે આ હતું : બહેનો જ્યાં ચાંલ્લો કરે છે તે સ્થાન ભાલપ્રદેશ, ત્રિકુટિ પ્રયાગ સ્થાન છે. ત્યાં ત્રિવેણી સંગમ છે. આપણે ત્યાં ઇડા, પિંગળા અને સુષુમણા એમ ત્રણ નાળીકાઓ માનવદેહમાં છે. બે નાળીકાઓમાં જે શ્વાસોચ્છવાસ-પ્રશ્વાસ ચાલે છે તે વારંવાર બદલાય છે. કોઈ એક નાળીકામાંથી એકવાર શ્વાસ ચાલે અને સામેથી ઉચ્છવાસ થાય પછી થોડા સમય બાદ આ ક્રમ બદલાઈ જાય છે. ઇડા, પિંગળા અને સુષુમણા આ ત્રણેય નાડીઓ કપાળમાં ભેગી થાય છે જ્યાં ત્રિવેણી સંગમ ગણ્યો છે, જ્યાં-જેમાં સ્નાન કરવાનું હિન્દુ ધર્મશાસ્ત્રોમાં ખાસ માહાત્મ્ય વર્ણવ્યું છે. ગંગા, યમુના અને સરસ્વતી ત્રણ નદીઓનો સંગમ-ત્રિવેણી સંગમ, પ્રયાગ તીર્થ, જ્યાં પવિત્ર થવા, પુનિત બનવા સ્નાન કરવાનું હિન્દુ શાસ્ત્રો ઉપદેશે છે. પ્રયાગતીર્થ, સંગમસ્થાન તો સ્થૂલ સ્થાન તીર્થસ્થળ છે. જ્યારે ત્રિકૂટીનું ધ્યાન-સ્થાન એ સૂક્ષ્મ અને યૌગિક છે. જ્યાં ચિત્તને એકાગ્ર કરવાથી ત્યાં આવેલ નાડીગુચ્છમાં પ્રાણ શક્તિનો સંચાર થાય છે અને ત્યાંનું ચક્ર ગતિશીલ-ક્રિયાશીલ થવાથી આંતરિક અને સ્ફુરણશક્તિ

આપોઆપ કાર્યાન્વિત બને છે, ને ખુલી જાય છે. ઉપરાંત ત્રિકૂટીમાં એકાગ્રતા કરવાથી એની સીધી અસર નાભી નીચેના મૂલાધાર ચક્ર ઉપર થાય છે અને તે ચક્ર ઉઘડી જતાં –પુષ્પિત થતાં પ્રાણનો પ્રવાહ સુષુમણા નાડી વાટે ઉર્ધ્વગમન કરી, અંતે સહસ્ત્ર ધારચક્રમાં–મસ્તકમાં મળે છે, જ્યાં શક્તિ અને શિવનો સંગમ–મોક્ષ હોવાનું મનાય છે. બ્રહ્મરંધ્રે તેઓ મળે છે. આમ, ભ્રકૂટિ વચ્ચેની ત્રિકૂટીમાં સહજ રીતે એકાગ્રતા કેળવાય, તે હેતુથી દૈનિક ક્રિયાવિધિ તરીકે બહેનોએ કપાળમાં ચાંલ્લો કરવાની પ્રથાને સ્વીકારી છે.”

ડૉ. જે. પી. અમીનનું આ અર્થઘટન તેમણે યોગશાસ્ત્રના તેમના અભ્યાસમાંથી તારવ્યું છે. ડૉ. અમીન યોગશાસ્ત્રના–હઠયોગ અને રાજયોગના–ઊંડા અભ્યાસી હોવાનો અણસારો તેમના સાધક જીવનના તેમના અનુભવો જાણ્યા પછી સહેજે માની લેવાય. સાથો સાથ આ અર્થઘટન ઉપરાંત પણ ભારતીય નારીના કપાળમાં કંકુનો ચાંલ્લો કરવામાં આવે છે, તેના ઘણા અર્થઘટનો થઇ શકે. પ્રથમ તો તે સૌભાગ્ય ચિન્હ તરીકે અસ્તિત્વમાં આવ્યા હોવાનું તારવી શકાય. જો પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરવામાં આવે તો તે ચાંલ્લો માત્ર પરિણીત ભારતીય નારીઓ કપાળે કરતી. આવો ચાલ રીત રિવાજ ભારતના અન્ય ભાગોમાં જોવા મળે છે. કુમારિકા અને પરિણીતાને પામવા–ઓળખવા માટે સૌરાષ્ટ્રમાં મેર જાતિમાં રંગીન લાલ અને શ્વેત વસ્ત્ર ઉપરથી નારીના કૌમાર્ય જીવન ને ગૃહસ્થી જીવનનો અણસારો મળી રહે છે. આંધ્રમાં પણ પગના અંગૂઠામાં અંગૂઠી હોય તેના પરથી પણ આ અણુસાર મળી રહે છે. આ ચાલ–રીતરિવાજ અમુક જીવન–અવસ્થાને પ્રદર્શિત કરવા માટે છે. તેનો એક ઈંગિત તરીકે સમજવો જોઇએ. તે એક મુદ્રા છે...!



અમેરિકન બેનની દલીલ સાચી છે. હવેના યુગમાં નારીના કપાળ મધ્યેનો ચાંલ્લો કપાળની શ્રી શોભા વધારવા માટે છે એવો ખ્યાલ આખાય ભારતમાં પ્રચલિત થયો છે. કુમારિકાઓ તો કપાળે ચાંલ્લો કરે જ છે પણ પતિની પાછળ શ્રી શોભાને ત્યાગવાં જોઈએ, તેવો જે ભારતીય સંસ્કૃતિમાં રિવાજ હતો. ખરેખર પરંપરા હતી તેને ઉવેખીને વિધવા સ્ત્રીઓ પણ હવે કપાળમાં ચાંલ્લો કરે છે. (ખરેખર, પરિણીતા ભારતીય નારીએ સૌંદર્ય તો માત્ર પતિ સમીપ જ પ્રકટ કરવાનું હોય છે. તેવી એક ધાર્મિક માન્યતા છે.) તેની પાછળનો ખ્યાલ રૂપ શોભાની વૃદ્ધિ કરવાનો છે. જેમ પશ્ચિમમાં નખ રંગવા, હોઠ રંગવા પાછળનો જે ખ્યાલ છે તેવો જ, હવે તો ચાંલ્લાના રંગો પણ ભાતભાતના થયા છે. આમ કપાળમાં ચાંલ્લો સંસ્કૃતિ સૂચક હતો તેના બદલે હવે રૂપ–શોભા–શ્રીની વૃદ્ધિ કરનાર એક ઉપકરણ બનવા પામ્યું છે.

કુમકુમ ચાંદલો–ધર્મચિન્હ પણ છે. લક્ષ્મી વા સૂર્યના પ્રતીક તરીકે તે ભાલ વચ્ચે શોભે છે !

જો કે આ બન્ને વિચારો ભૌતિક અને સાંસારિક છે. જ્યારે ડૉ. અમીનનું અર્થઘટન ભારતીય સંસ્કૃતિના નવનીત રૂપ ઉચ્ચોચ્ચ ચિંતવનમાંથી આવે છે. જો કે તેનો પાયો–બેઇઝ ભારતીય ધર્મપરંપરામાં હોઇ શકે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં કપાળમાં ઊભું તિલક કરીને કપાળ મધ્યે લાલ કંકુનો ચાંલ્લો કરવાનો સ્વામી શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞા ‘શિક્ષા પત્રી’ માં છે. વૈષ્ણવોમાં ચાંલ્લો કરવાની પરંપરા છે, જ્યારે સ્માર્તો ત્રિપુંડ આડું કરે છે. આ બધા ધાર્મિક આચારની પાછળ ડૉ. અમીને ચાંલ્લાનું જે રહસ્ય બતાવ્યું તે જ હોઈ શકે...! ઊર્ધ્વરેતા બનવાની કલ્પના હોઇ શકે...!

ડૉ. અમીને કપાળમાં ચાંલ્લાનું અર્થઘટન કરી ને, આચાર ને વિધિનું માત્ર હાડપિંજર ને કલેવર-અસ્થિનું-નજરે પડતું, તેમાં જ્ઞાનને ચિંતનરૂપી પ્રાણ ફૂંકીને પરંપરાને મૂર્તરૂપ આપી તેનું જીવન્તપણું સૌની સમક્ષ પ્રગટાવ્યું છે. ચાંલ્લા જેવા ચિન્હોને-વિધિઓને-પરંપરાને આ રીતે સમજીને સમજવા પડશે જ.

ભારતીય સંસ્કૃતિની વિધિઓમાં અનેક દ્રવ્યોનો ઉપયોગ કરવામાં આવે છે, તે દરેકમાં રહસ્ય અને મર્મ પડેલાં છે. તેને ડૉ. અમીનની અદાએ પામી, તેનાથી સમાજને જ્ઞાત કરવામાં આવે તો બૌદ્ધિક-શિક્ષિત જનોને ભારતીય સંસ્કૃતિ ધર્મો, વિધિઓ, અનુષ્ઠાનો અને પરંપરાઓ માટે જરૂર આદર પેદા કરાવી શકાય. આ કાર્ય ચિંતકોને, વિદ્વાનો-ને પંડિતોને જ સોંપવાનું હોય ને!...ડૉ. અમીન આ કાર્ય કરી રહ્યા છે! (ક્રમશઃ)

અધિકાર મેળવી પ્રયત્ન કરનાર સાધક ઇચ્છિતને મેળવી સંતોષને અનુભવે છે, પણ જેઓ અધિકાર પ્રાપ્ત કર્યાવિના માત્ર ઔત્સુકયથી તેમાં પ્રવૃત્તિ કરે છે, તેઓ પોતાના સ્વ-ભાવમાં રહેલા દોષો જોવાના અસામર્થ્યવાળા હોવાથી પરિણામે બહુધા અસંતોષનો અનુભવ કરે છે.

—પૂજ્યપાદ શ્રીમન્નથુરામશર્માજી



# વ્રતોત્સવ (૩)

—કલ્યાણ

હરદ્વારનો પાવન ગંગાઘાટ, શુભસ્થળ આર્યનિવાસ. આજે તા. ૨૬-૧૨-૮૬ ને શુક્રવાર, સવારના નવ થયા છે. પૂ. મા પલંગપર બિરાજ્યાં છે. ઠંડીને લીધે સફેદ ગરમ શાલ ઓઢી છે, મસ્તકપર મફલર વિંટયું છે. બાજુના પલંગ-પર ગુરુદેવ પ્રભુની પૂ. મા તથા ભક્તોએ પ્રેમપૂર્વક સજાવેલી સુંદર પ્રતિમા છે. પ્રતિમાને ધોતી તથા શાલ એવી કુશળતા-થી પહેરાવ્યાં છે કે જેથી ગુરુદેવપ્રભુનું અસલ વ્યક્તિત્વ ખીલી ઉઠેલું લાગે છે. આગળ સાઇબાબા તથા હનુમાનજીનું સ્વરૂપ બિરાજે છે. પૂ. મા વડોદરાથી સાથે લાવ્યા છે તે પૂ. શ્રી રંગઅવધૂત મહારાજની સુંદર રંગીન તસ્વીર પણ બાજુના પલંગપર શોભી રહી છે.

શ્રી નારાયણભાઇ સાથે સૌ ભક્તવૃંદ પૂ. માને ભાવપૂર્વક પ્રણામ કરી ઓરડામાં ગોઠવાયા છે. આજની બેઠકનો પ્રારંભ પૂ. શ્રીની ટેપ થયેલી ધૂનથી થાય છે.

હે જગત્રાતા, વિશ્વ-વિધાતા<br>
હે સુખશાંતિ નિકેતન હે!<br>
પ્રેમ કે સિંધો, દીન કે બંધો, દુઃખ દારિદ્રય વિનાશન હે!<br>
નિત્ય, અખંડ, અનંત, અનાદિ, પૂરણ બ્રહ્મ સનાતન હે!<br>
...હે જગત્રાતા

આજના પુનિત પ્રભાતે પ્રથમ વંદના ગુરુદેવપ્રભુને ભાવ-પૂર્વક કરી રહ્યા છે.

"યોગેશ્વર ભગવાન, એ છે મારા જીવનના આરામ કરું છું એના ચરણે કોટી પ્રણામજી.

મારા બધાં કાર્યોમાં તમારી મદદ માગું છું
તમારો દિવ્ય આઠે પ્રહર આશીર્વાદ માગું છું."

સાંભળી મારો પોકાર પ્રેમ કરી આવજો
પ્રેમ કરી આવજો વિલંબ તજી આવજો...સાંભળી મારો પોકાર

ભગવાન રામની સ્તુતિ સાથે આજનો રામાયણનો પાઠ શરૂ થાય છે. આજના પારાયણમાં ભગવાન રામના લગ્ન-પ્રસંગનું વર્ણન ચાલી રહ્યું છે. ભગવાનની જાનમાં સૌ ભક્તવૃંદ ઉત્સાહથી જોડાઈ ગયું છે. સૌ ઉંચા સાદે, વિવિધ વાદ્યોના તાલ સાથે ગાનતાનમાં મશગુલ બની ગયા છે. જાણે અહીંથી જાન જનકપુરી પ્રયાણ કરી રહી હોય એવો આનંદ વ્યાપી ગયો છે. પૂ. મા કહે " શ્રી રામના લગ્નનો આનંદ સૌ માણી રહ્યા છે."

આજે પારાયણમાં શ્રી લલીતાપ્રસાદજીની સુપુત્રી ઉર્મિલાજી પણ પધાર્યાં છે. પૂ. માને ઉર્મિલાજીના ભજનો ખૂબ પ્રિય છે. પૂ. મા તેમને ભજન ગાવાનું કહે છે–

ઉર્મિલાજી- રામ ચરણ અનુરાગ......

એ ભજન ગાય છે. ઉર્મિલાજીનો ભાવ અને કંઠ એટલા મધુર લાગ્યા કે એ મધુતાનો સ્વાદ સૌ અંતરથી માણી રહ્યા. શ્રી અનુબેને પણ એટલું જ ભાવવાહી ભજન ગાયું.

" તન મંદિર હૈ, હૃદય વૃંદાવન "

પૂ. માની અંતરની પ્રસન્નતા ભજનરૂપે વહી રહી.

" આજ મુજે આયકે નાથ દરશ દીજિયે."

ઉર્મિલાજી–વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે.

ભજનરસનું જાણે સામ્રાજ્ય છવાઇ ગયું. પૂ. માની



મસ્તી કંઈ ઓર જ હતી. પૂ. માના અણુએ અણુ એ રંગમાં રંગાઇ ગયાં. ઊંચે સાદે પ્રભુને પોકારી રહ્યાં.

દર્શન દે દર્શન દે, દર્શન દે,
મારા વ્હાલા પ્રભુજી દર્શન દઈ દે.

આમ સવારની બેઠક રામાયણના ગાન સાથે ભજનરસથી ઉભરાતી રહી.

બપોરની બેઠક બરાબર ત્રણ વાગ્યે શરૂ થાય છે. અહીં ઠંડી આખો દિવસ રહે છે. અત્યારે પણ રૂમમાં સગડી સળગી રહી છે. ગઈકાલની ગંભીર તબિયત આજે પૂર્ણ સ્વસ્થ લાગે છે. પૂ. માના શ્રીવિગ્રહની લીલાનો પાર પામી શકાય તેમ નથી. શરીર સ્વાસ્થ્ય નરમગરમ રહે છે પરંતુ અંતરની પ્રસન્નતામાં કયાંય વિક્ષેપ અનુભવાતો નથી. પ્રસન્નતા અને ઉત્સાહ અવિભાજ્ય અંગ બની ગયાં છે.

અત્યારે રામાયણ ગાનમાં કેવટ પ્રસંગનું વર્ણન ચાલે છે. પૂ. મા જાણે થોડો રંજ અનુભવતાં હોય તેમ કહે " કેવટ કેવો ભાગ્યશાળી કે તેને પ્રભુના ચરણકમળો પખાળવાનો ઉત્તમ અવસર પ્રાપ્ત થયો, મને એવો કોઈ પ્રસંગ સ્મરણમાં રહ્યો નથી. કલ્યાણ ત્યાં બેઠા છે તેમણે એ ધન્ય પ્રસંગની યાદ આપતા કહ્યું " ચિત્રકૂટની યાત્રા દરમ્યાન ગુરુદેવપ્રભુ મંદાકિનિમાં સ્નાન કરી બહાર પધારતા હતા ત્યારે ધૂળથી ખરડાયેલા શ્રી ચરણ કમળોને પખાળવાનો લ્હાવો તમે લીધો હતો " પ્રભુની આવી પરમ સેવાનો લાભ મળ્યો હતો તે જાણી પૂ. મા પ્રસન્ન પ્રસન્ન બની ગયાં. આમતો ગુરુદેવપ્રભુ-ની સેવામાં પૂ. માએ પોતાની જાત ઘસી નાખી છે. પરંતુ જાહેરમાં કેવટ જેવી સેવાની તમન્ના પણ પ્રભુએ પૂર્ણ કરી છે તે જાણી પરમ શાંતિ અનુભવી.

આ રીતે રામાયણ ગાન કરતાં કરતાં રામાયણના પાવન પ્રસંગોને યાદ કરતાં શ્રદ્ધાભક્તિભર્યા પોતાના જીવનબાગને પ્રેમપુષ્પોથી સજાવતાં રહે છે.

પૂ. મા પોતાના સાધનાત્મક જીવનને હરપળે ચકાસતાં રહે છે. રામાયણમાં વ્યક્ત થતાં પ્રેમ અને શ્રદ્ધા ભક્તિ ભર્યા પ્રસંગો દ્વારા પોતાના જાગૃતિભર્યા જીવનની કસોટી કરતાં રહે છે. ભગવાન રામના વિરહમાં શ્રી દશરથ મહારાજાએ પ્રાણનો ત્યાગ કર્યો તે પ્રસંગ વર્ણવતાં પૂ. મા પોતાના દિલની વિરહાવસ્થાનું દર્શન કરાવી ગયાં. પૂ. મા કહે "પૂ.શ્રી તો ગયા છતાં અમે હજુ ટકી રહ્યાં છીએ" મહારાજા દશરથ તો વિધિને વશ વર્તી રહ્યા પરંતુ પૂ.માએ સાધનાની ભઠ્ઠીમાં તાવીને પારસમણિ બનાવ્યો છે, એ પાવન પારસમણિનો સંસ્પર્શ પામીને કેટલાય જીવોના પ્રાણ ઉર્ધ્વીકરણ પામી રહ્યા છે.

અત્યારે રાત્રિના નવ વાગ્યા છે. રામાયણનું ગાન વાજીંત્રોના તાલ સાથે પુરજોશમાં ચાલુ છે. પૂ. મા કહે હવે રાત પડવા આવી છે, વાજીંત્રો ધીમે વગાડો જેથી બીજાને તકલીફ રૂપ ન બનીએ. આપણે જન સમાજની વચ્ચે રહીએ ત્યારે બીજાનો પણ ખ્યાલ રાખવો જોઇએ. વાત નાની પણ જાગૃતિ કેટલી મોટી ! હજુ અત્યાર સુધી પૂ.માએ પાણી પણ લીધું નથી. સત્સંગરૂપી અમૃતનું પાન કરતાં કરાવતાં એક વખત પાણી લેવાનું પણ વિસરી જાય છે.

પૂ. મા ડાયરીનું મહત્ત્વ સમજાવે છે. જીવનમાં એનું મહત્ત્વ ઘણું છે. નિરાશાની પળે ડાયરીનું વાંચન ઉપયોગી થાય. અત્યારે પૂ. મા હરદ્વાર નિવાસની પોતાની ડાયરીનું વાંચન કરે છે. જે દિવસે ૧૦૮ દિવસના પાણી ઉપરના ઉપવાસોનું



વ્રત લીધી હતું તે દિવસની ડાયરીના પાનામાં પૂ. મા ગંગામૈયાને પ્રાર્થના કરતાં કહે "હે મા ગંગા ! તારા ચરણે બેઠા છીએ. ૧૦૮ દિવસના પાણી ઉપરના ઉપવાસનો નિયમ તમારા સાન્નિધ્યમાં લેવાયો છે તે તમે જ પાર ઉતારજો. હે મા, જેવી છું તેવી તારી જ છું. યોગેશ્વરરૂપે આવી તું મને દિવ્ય દર્શન દઇજા."

અનેક કસોટીઓ વચ્ચે આ કઠિન વ્રતના સમાપનનો દિવસ આવતી કાલે છે. વ્રતને પ્રભુએ આકરી કસોટીઓ વચ્ચે પણ પાર ઉતાર્યું તેમાં પૂ.માને આજે ખૂબ આનંદ છે. પૂ. મા પ્રભુને વ્રત પૂર્ણ કરાવવા બદલ વારંવાર ધન્યવાદ આપી રહ્યાં છે. વ્રતનિષ્ઠાનો જુસ્સો પૂ.માની વાણીમાં વ્યક્ત થઇ રહ્યો છે. પૂ.માના દૃઢ મનોબળની તુલના થઈ શકે તેમ નથી. એ દૃઢ મનોબળે સાધનાના દુર્ગમ અરણ્યમાં પ્રેમપંથ કંડારી તપના વિરલ સિમાચિન્હોનું સ્થાપન કર્યું છે, તપ પૂ.માના રૂપમાં અત્યારે મૂર્તિમંત બન્યું છે. પ્રભુને પામવા માટેના વ્રતના ગૌરવના એક અદ્ભુત દર્શનનો લ્હાવો સૌ અત્યારે લઇ રહ્યા છે. વિરલ તપનાં દર્શન પણ વિરલ હોય છે.

જેમ ઉદ્યાન વિવિધરંગી સુવાસિત પુષ્પોથી શોભી રહે તેમ પૂ. માનો જીવનબાગ તપ, જ્ઞાન, સેવા, ત્યાગ, પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ જેવા પ્રેમલ પુષ્પોના પમરાટથી મઘમઘી રહ્યો છે. અહીં એવા એક વાત્સલ્યસભર ફૂલની ફોરમ માણીએ.

શ્રી પ્રભુભાઇનું શરીર સ્વસ્થ નથી, શરદી અને તાવને લીધે કાર્યક્રમમાં ભાગ લઇ શકયા નથી. ચાલુ કાર્યક્રમે જ પ્રભુભાઈની ગેરહાજરીની નોંધ લઇ તરત જ પૂ. માએ પૂછ્યું

"પ્રભુભાઇ કેમ નથી દેખાતા ?" કલ્યાણે કહ્યું કે અસ્વસ્થ તબિયતને લીધે નથી આવી શકયા. આજના રામાયણના ગાનનો કાર્યક્રમ પૂરો થતાં સૌ પોતપોતાના રૂમમાં ગયા. થોડીવારમાં પ્રભુભાઇના રૂમમાં રાજુભાઈ સગડી મૂકી ગયા. અમે બધાં આશ્ચર્યથી જોઇ રહ્યા કે આ સળગતી સગડી એકાએક કેમ આવી ? ત્યાં તો એક અનોખું દૃશ્ય જોવા મળ્યું. જેમ એક કુશળ સર્જન પોતાના સહાયકો સાથે ઓપરેશન થિયેટરમાં પ્રવેશે તેમ પૂ. મા પૂર્ણિમાબહેન, મંજુ-બહેન, રાજુભાઈ વિ. સાથે રૂમમાં પધાર્યા. શ્રી પૂર્ણિમાબહેનના હાથમાં વિવિધ વાનગીઓથી સજાવેલી થાળી છે. અમે જોઈ જ રહ્યા કે આજે શું મામલો છે ? પૂ. મા પ્રભુભાઇ સામે ખુરશીમાં બેઠાં, પ્રભુભાઇએ પથારીમાંથી ઉભા થઇ પ્રણામ કર્યા. પૂ. માએ તબિયતના ખબરઅંતર પૂછયા. પ્રભુભાઇ તો પૂ. માનો પ્રેમ જોઇ આભારવશ શરમીંદા બની ગયા. પૂ. માના વર્તનમાં કયાંય ઔપચારિકતા નથી જોવા મળતી, ભાવભરપુર વાત્સલ્યનું અમીપાન જાણે! એ વાત્સલ્યના અમીપાને તો કેટલાય જીવોને સંજીવની બક્ષી છે! પ્રભુભાઈ શારીરિક અસ્વસ્થતાને નિમિત્ત બનાવી એ સંજીવની પામી ધન્ય બની ગયા. પૂ. મા કહે "શું સૂતા છો ? બેઠા થાઓ, પૂર્ણિમાબેનને કહે, ખાખરાની સેન્ડવીચ બનાવી આપો! પૂર્ણિમા-બેને સરસ સેન્ડવીચ બનાવી આપી. પૂ. મા કહે "ચાલો, મારી સામે જ ખાવા મંડો. પ્રભુભાઇને કંઈ ભાવતું ન હતું છતાં બધું ખાઇ ગયા. ઉપર ગરમ કોફી પીવડાવી. કોફી પીવડાવતા કહે, 'અરે ભાઇ ! રામકૃષ્ણદેવની જેમ મસ્તીથી પીઓ. બધુંજ દર્દ મટી જાય ! પૂ. મા રામકૃષ્ણદેવનું સ્મરણ કરતા કહે કે તેઓ એક વખત કલકત્તાના માર્ગ પરથી પસાર થતા હતા એક દારૂના પીઠામાં કેટલાક દારૂડિયાઓને દારૂની મસ્તીમાં



ઝુમતા જોઇ બોલી ઉઠ્યા "પીઓ ભાઇ ઔર પીઓ, મસ્તી મે મજા હે !" પૂ. માની પ્રસંગોચિત રમુજથી સૌ ખડખડાટ હસી પડ્યા. પૂ. મા પાસે ગંભીરતા કે ભારેપણું ટકતાં નથી. રૂમમાં પ્રસન્નતા ને હળવાશનું મોજું ફરી વળ્યું. માંદગીની ગમગીની ક્યાંય અદૃશ્ય થઇ ગઈ! લગભગ એકાદ કલાક સુધી પૂ. મા પ્રભુભાઈ પાસે ખુરશીમાં બેસી રહ્યાં. માતૃપ્રેમની કરૂણાધારામાં બધુંજ દર્દ વહી ગયું. પૂ. માએ વિદાય લીધી ત્યારે પ્રભુભાઈ જાણે હળવાફુલ બની ગયા. બીજા દિવસથી સૌ સાથે કાર્યક્રમમાં સામેલ થઈ ગયા. માતૃત્વની વાત્સલ્ય ગંગામાં સ્નાન કરી પ્રભુભાઈની સાથે સૌ ધન્યતા અનુભવી રહ્યા. (ક્રમશઃ)

વિવેકી વિદ્વાનો તો પાત્ર યોગે વિદ્યાદિનું દાન ઉદાર બુદ્ધિથી કરે છે. કામનાને વશવર્તતા લૌકિક વિદ્વાન્ સુપાત્રે પણ વિદ્યાદાન ન કરે, ને શીખનાર છલબલથી તે વિદ્યા તેની પાસેથી શીખે તો શીખનારને વિદ્યા સફલ થાય નહિ, કેમકે આપનારે તે પ્રસન્નતાથી આપી નથી, એવો લોભી વિદ્વાન્ કાંઇક અંશે દોષપાત્ર ખરો.

—પૂજ્યપાદ શ્રીમન્નથુરામશર્માજી

# પ્રકાશના પંથે

સં. પરમાર્થી

( પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીની આત્મકથાનો સંક્ષેપ )

'ત્યારે શું ઈશ્વરદર્શન પછી પણ સાધના બાકી રહે છે? ઈશ્વરદર્શન પછી તો કાંઇ જ કરવાનું બાકી રહેતું નથી. શાસ્ત્રોની એ વાત શું ખોટી?'

મેં કહ્યું : 'શાસ્ત્રોની વાત ખોટી નથી પણ તેને યથાર્થ રીતે સમજવાની જરૂર છે. ઈશ્વરનું દર્શન થવું એ એક વસ્તુ છે, ને સ્વયં ઈશ્વરરૂપ થવું એ જુદી જ વસ્તુ છે. ઈશ્વરદર્શન પછી તે બીજી વસ્તુ માટેની સાધના શેષ રહી શકે છે. તે ઉપરાંત ઈશ્વરદર્શન પણ જુદી જુદી રીતે થાય છે. મારા પોતાના અનુભવના આધાર પર મેં ઈશ્વરદર્શનના પાંચ ભેદ પાડ્યા છે. તે પાંચે પ્રકારમાંથી પસાર થવા જેટલી જાગૃતિ ભાગ્યે જ કોઇ રાખે છે. તે બધા પ્રકારોમાંથી પસાર થવા માટે ઉપવાસની જરૂર હોય શકે છે.'

એ પછી ઈશ્વરદર્શનના પાંચ પ્રકાર વિશે વાતચીત ચાલેલી તેનો સારાંશ આ પ્રમાણે છે :

જાગૃતિ અથવા તો સમાધિદશામાં જેમ સિદ્ધપુરુષનાં દર્શન થાય છે તેમ ઈશ્વરનું દર્શન પણ થાય છે. તેથી આનંદ ને શાંતિ મળે છે. પરંતુ તે બંને પ્રકારના દર્શન જુદી જુદી રીતે થાય છે. પહેલાં આપણે સમાધિ કે જાગ્રતિ દશમાં થનારા કોઇ સિદ્ધપુરુષનાં દર્શનનો વિચાર કરીએ.

કોઈ સાધકને કોઇ સિદ્ધપુરુષનું દર્શન થાય પણ એવું બને કે કેવળ દર્શન જ થાય. કોઇ પ્રકારની વાતચીત ના થાય. વળી તે સિદ્ધપુરુષ ઇચ્છે ત્યાં સુધી ને ત્યારે જ તેવું દર્શન થઇ શકે. એ સિદ્ધપુરુષનાં દર્શનનો પહેલો પ્રકાર કહી શકાય. સમજુ સાધક એટલેથી અટકતો નથી. પણ



તે આગળ વધીને અનુભવના વધારે આગળના પ્રદેશને સર કરવાની કોશિશ કરે છે. ઈશ્વરની કૃપાથી તે બીજા પ્રકારના અનુભવ કે દર્શનને મેળવી શકે છે. બીજા પ્રકારમાં સિદ્ધપુરુષનું દર્શન તો થાય છે જ પરંતુ વધારેમાં તેની સાથેના વાર્તાલાપનો આનંદ પણ મળે છે. પરંતુ તે વાર્તાલાપ સિદ્ધપુરુષ ચાહે તેટલો ને તેવો જ હોય છે. સાધક પોતાની ઇચ્છા પ્રમાણે વાત કરી શકતો નથી. તેથી તે ઇચ્છા બીજા પ્રકારમાં અધૂરી રહે છે.

તે પછી દર્શનનો ત્રીજો પ્રકાર આવે છે. તેમાં સિદ્ધપુરુષનું દર્શન થાય છે ને સાધકને પોતાની ઇચ્છા પ્રમાણે વાર્તાલાપ કરવાનો લાભ મળે છે. ચોથા પ્રકારમાં તો એથી યે આગળ સાધકને સિદ્ધપુરુષના સ્પર્શનો ને વરદાનનો પણ લાભ મળે છે. પરંતુ સાધક પોતે ઇચ્છે ત્યારે સિદ્ધપુરુષનું દર્શન પાંચમા પ્રકારનાં પ્રવેશે ત્યારે જ કરી શકે છે. તે જ રીતે ઈશ્વરદર્શનના પણ પાંચ પ્રકાર ગણી શકાય. છેલ્લા પ્રકાર પ્રમાણે સાધક જ્યારે ચાહે ત્યારે ઈશ્વરનું દર્શન મેળવી શકે છે અથવા તો તેને ઈશ્વરનું સતત દર્શન થયા કરે છે.

ઘણાખરા સાધકો તો પહેલા પ્રકારના દર્શનથી જ તૃપ્ત થઈ જાય છે. પોતાને સિદ્ધદશાની પ્રાપ્તિ થઈ એમ માની લે છે. કોઈક વિરલ સાધકો જ સઘળા પ્રકારોમાંથી પસાર થાય છે. જો કે પહેલા પ્રકારનું દર્શન પણ કઠિન તો છે જ ને એનો આનંદ પણ અજબ છે. પણ બીજા બધા પ્રકારોના દર્શનથી પણ દિવ્ય આનંદની પ્રાપ્તિ થાય છે કે જેનું વર્ણન થઈ શકતું નથી. સાધકોને ઈશ્વરદર્શન થાય છે, પણ આ પાંચમાંથી કયા પ્રકારનાં દર્શન થાય છે તેતો તે જ કહી શકે.

આ પ્રમાણેના ખુલાસાથી પ્રશ્ન પૂછનારા ભાઇની શંકાનું સમાધાન થયું હતું. જીવનમાં ડગલે ને પગલે જે મનને મોકળું રાખીને ચાલે છે એને આનંદ શા માટે ના થાય?

( ક્રમશઃ )

# રામકથા

(ગતાંકથી ચાલુ)

— શ્રીયોગેશ્વરજી

[ શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા ]

રામ એનો અનુભવ કરીને ખાસ હાલી ઉઠ્યા, છતાં પણ મનને મક્કમ રાખીને બોલ્યા : 'સુમંત્ર, તમારા સ્નેહને સમજી શકું છું. એની કદર કરું છું અને એને માટે તથા એથી પ્રેરાઇને થયેલી તમારી પ્રાર્થનાને માટે તમને ધન્યવાદ આપું છું. પરંતુ તમારી એ પ્રાર્થનાને માન્ય રાખવાનું મારે માટે મુશ્કેલ છે. તમારા કર્તવ્ય તથા તમારી સેવાની અનુષ્ઠાનભૂમિ અયોધ્યા છે. ત્યાં રહીને તમારે સૌની સેવા કરવાની ને પિતાજીને શાંતિ આપવાની છે. તે તો સાચું જ, પરંતુ સાથે સાથે ભરતને તમારા દીર્ઘકાળના અનુભવના પરિપાક રૂપે પ્રાપ્ત થયેલા વિશિષ્ટ જ્ઞાનનો લાભ આપી પ્રજાહિતમાં પ્રેરિત કરવાનો છે. એ સેવાકાર્યને વનવાસના મારા સહવાસ કરતાં લેશ પણ ઓછું મહત્ત્વનું ના માનતા. એ કાર્ય પણ એટલું જ અસાધારણ અને અમુલખ છે. માટે હૃદયમાં મારા પ્રેમને કાયમ રાખીને હવે પાછા ફરો એવી મારી ઇચ્છા છે.

લક્ષ્મણ અને સીતા પણ રામની સાથે સહમત થયાં એટલે સુમંત્રને માટે બીજો કોઈ રસ્તો જ ના રહ્યો.

આંખના આંસુને અટકાવવાનો પરિશ્રમ પડતો મૂકીને એણે રામ, લક્ષ્મણ તથા સીતાને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા અને રથને મન ના માનવા છતાં પણ અયોધ્યાની દિશા તરફ દોડાવવાની આજ્ઞા કરી.

રથ આગળ દોડવા લાગ્યો તેમ તેમ સુમંત્રે વારંવાર પાછળ વળીને જોવા માંડ્યું. રામ સીતા ને લક્ષ્મણના સુધામય સ્વરૂપના રસાસ્વાદનો લોભ એ નહતો ટાળી શકતો. શરીર આગળ ચાલતું'તું



પરંતુ મન એ ત્રણેનો ત્યાગ કરીને ક્યાંક જવા નહતું માગતું. એમ કરતાં કરતાં થોડુંક અંતર કપાઇ ગયું ને રથને વળવાનું આવ્યું એટલે રામ લક્ષ્મણ ને સીતા દેખાતા બંધ થયા. સુમંત્રના હૃદયના બંધ એ વખતે તૂટી ગયા અને એ શિશુની પેઠે રડવા માંડ્યો.

રામ લક્ષ્મણ અને સીતાના સ્નેહે એના પર કેવું કામણ કર્યું છે તે એને ત્યારે જ સમજાયું. ખરેખર, કવિએ અને અનુભવીએ સાચું જ કહ્યું છે કે પ્રેમની પ્રબળતા ને પવિત્રતાનો અનુભવ જેટલો સંયોગમાં નથી થતો એટલો વિયોગમાં થાય છે. એને એની પ્રતીતિ થઇ.

સુમંત્રના મુખથી રામ, લક્ષ્મણ ને સીતાના કુશળ સમાચાર સાંભળીને દશરથ, કૌશલ્યા, સુમિત્રા ને ઉર્મિલાને સંતોષ તો થયો પરંતુ એમની ચિંતા તથા કરુણા તો ઓછી ના જ થઇ.

એમાંય દશરથની દશા તો અત્યંત દયનીય હતી.

રામના વિદાય થયા પછી એમનો અંતરાત્મા એકદમ સંતપ્ત અને અશાંત બની ગયો.

રામ વનમાં ગયા એટલે એમનું સમસ્ત જીવન જતું રહ્યું, એમનું સુખ, ચેતન, એમનો રસકસ અને આનંદ જતો રહ્યો એવો અનુભવ એમને થવા લાગ્યો.

એમની અવસ્થા જોઇને કૌશલ્યા, સુમિત્રા ને ઉર્મિલા પણ વધારે શોકિત બની ગઇ.

સુમંત્રની પીડાનો પણ પાર ના રહ્યો.

પલંગ પર પડીને જીવનની અંતિમ ઘડીઓ ગણતા દશરથે કૌશલ્યા અને સુમિત્રાને કહ્યું હવે હું નહીં બચી શકું રામનો વિયોગ મારે માટે મરણતોલ નિવડશે. કૈકયીએ રામને તો વનવાસ આપ્યો પરંતુ સાથે સાથે મને પણ મૃત્યુની પાસે પહોંચાડી દીધો. મારા જીવનની એક ઘટના ઘણી પુરાણી ને કરૂણ છે એના સ્મરણથી મારું હૃદય ભેદાઈ જાય છે. એ કર્મ અથવા વધારે ઉચિત શબ્દોમાં કહું તો હીન કર્મ કે કુકર્મનું ફળ મારા ચાલુ જીવનમાં

મળી રહ્યું હોય એવું મને લાગ્યા કરે છે.

તમે વળી એવું કયું કુકર્મ કર્યું છે? અમને તો તમારા
કોઇ કુકર્મનું સ્મરણ નથી, સુમિત્રા બોલી ઉઠી.

તમારામાંથી કોઇને આજસુધી મેં એ કુકર્મની વાત નથી
કહી એટલે તેની ખબર તમને ના હોઈ એ સ્વાભાવિક છે. પરંતુ
મને તો તે બરાબર યાદ છે એ કુકર્મ મેં જાણી જોઈને નથી
કર્યું મારાથી એ અજાણતા જ થઈ ગયું છે. તો પણ એનું
સ્મરણ મારે માટે ખરેખર વ્યથાજનક બની રહ્યું છે.

એ કુકર્મની કથા સાંભળવા સૌ ઉત્સુક બની ગયાં એટલે
દશરથે દર્દભર્યા સ્વરે કહેવા માંડ્યું.

'એ કુકર્મ મારી કુમારાવસ્થામાં કરાયેલું છે. એ વખતે
ધનુર્વિદ્યામાં મને પ્રવિણતા પ્રાપ્ત થયેલી. લોકો વાતો કરતા કે
રાજકુમાર દશરથ શબ્દવેધી બાણ મારવાની કળામાં નિષ્ણાત છે.
અને કેવળ શબ્દને સાંભળીને લક્ષ્યને વીંધી દે છે. લોકોની પ્રશસ્તિ
સાંભળીને હું ફુલાતો.'

'કૌશલ્યા, એ વખતે તારી સાથે મારું લગ્ન નહોતું થયું.
હું યુવરાજ હતો. વરસાદના સુંદર દિવસોમાં પ્રકૃતિના સૌન્દર્યનું
નિરીક્ષણ કરતા રથપર બેસીને મેં મૃગયા રમવા માટે સરયૂ
નદીના તટપ્રતિ પ્રયાણ કર્યું. મારા મનમાં એવું હતું કે સરયૂ-
માં પાણી પીવા માટે રાતે કોઈ જંગલી પ્રાણી આવશે તો તેનો
નાશ કરીશ.

(ક્રમશઃ)

---

(પૃષ્ઠ ૯ નું અનુસંધાન)

છે. આજે મેં ઘણી વાતો કરી છે એટલે હવે હું બોલવાનો
નથી એવી પૂ.શ્રીએ સૂચના કરી.

શ્રી જીતુભાઇ, શ્રી કુંદનબેન, તથા કલ્પુ વિદાય થયા.
સવારે મળીશું એવા પૂ.શ્રીના શબ્દો સાથે સૌ પ્રણામ કરી
વિદાય થયા. હરી ૐ.

મા સર્વેશ્વરી

## ■ પ્રાર્થના ■

ઈશ્વરની કૃપા વિના શાંતિ મળી શકતી નથી, અને પ્રાર્થના
વિના ઈશ્વરની કૃપા થઈ શકતી નથી. એટલા માટે હું તમને
પ્રાર્થનાની ટેવ પાડવાની ભલામણ કરું છું. પ્રાર્થના હૃદય-
માંથી નીકળવી જોઇએ.

હૃદયપૂર્વકની પ્રાર્થના માણસનાં જ્ઞાનતંતુને સ્થિર કરે છે,
માણસને નમ્ર બનાવે છે, અને આગળનાં ભરવાનાં પગલાંને
સ્પષ્ટ રીતે બતાવી દે છે.

બીજી વસ્તુઓ ભલે ખોઈ નાંખીએ, પરંતુ પ્રાર્થનાને
ના ખોઇ શકાય. તેની મદદથી આપણે ઈશ્વર તથા સૌની
સાથે એકતાનો અનુભવ કરી શકીએ છીએ.

## ✻ ઘરેણાં ✻

સ્ત્રીનું સાચું ઘરેણું કે ભૂષણ એનું ચારિત્ર્ય, એની
પવિત્રતા છે. ધાતુ અને પત્થર કદી સાચાં ઘરેણાં ના હોઇ
શકે. સીતા ને દમયંતી જેવી સ્ત્રીઓનાં નામ તેમના ઉત્તમ
ગુણોને લીધે પવિત્ર ગણાય છે, નહિ કે તેમનાં ઘરેણાંને લીધે.

સ્ત્રીઓને ભારે ઘરેણાંઓથી ઝકડાયેલી જોઇને મને દુઃખ
થાય છે. એથી એમના સૌંદર્યમાં કશો જ વધારો નથી થતો,
એવું એમને કોણ સમજાવશે? સાચું સૌંદર્ય તો આત્માનું
છે.

—યોગેશ્વર

ADHYATMA Regd. No. GBV 113

# સમતા

સામાન્ય રીતે માનવના મનમાં જુદી જુદી જાતના સંકલ્પ-વિકલ્પો ઉઠ્યા કરે છે. એક ક્ષણને માટે પણ મન વિચાર વગરનું શાંત નથી રહેતું. ભાવો, વૃત્તિઓ કે વિચારોના પરપોટા એમાં પ્રત્યેક પળે પેદા થયા કરે છે અને ફૂટ્યા કરે છે. એનું બંધારણ કે ઘડતર જ એવું છે. એ વૃત્તિઓ, વિચારો કે ભાવોને લીધે મન સ્વસ્થ, શાંત કે સમ નથી રહેતું; પણ અસ્વસ્થ, અશાંત અને વિષમ રહે છે. એ અસ્વસ્થતા, અશાંતિ અને વિષમતાને દૂર કરવા માટે અંદરની સાધનાનો આધાર લેવાનો છે. ધારણા તથા ધ્યાન જેવી અંદરની સાધનાની સહાય દ્વારા મનના સંકલ્પ-વિકલ્પો ધીમે ધીમે શાંત થાય છે, ને મન સ્વસ્થ અને સ્થિર બને છે. છેવટે એ અસીમ શાંતિનો અનુભવ કરે છે, અથવા તો ઊંડા આત્મિક સુખમાં ડૂબી જાય છે. એ વખતે મનની બધી જ ભેદભાવના અને વિષમતા દૂર થાય છે. વિષમતામાંથી મુક્તિ મેળવી સમતાની, એકતાની અથવા એકરસતાની એ અસાધારણ અંતરંગ અવસ્થાનો અનુભવ કરવો એનું નામ યોગ છે. યોગની સાધના, સમતાની એ અસામાન્ય અવસ્થામાં થતા પરમાત્માના પ્રત્યક્ષ અનુભવને દૃષ્ટિ સમક્ષ રાખીને જ કરવામાં આવે છે, અને કરાવી જોઈએ. એટલા માટે જ ગીતાએ એવા વિશાળ સંદર્ભમાં જ સમતાને યોગ કહ્યો છે.

—યોગેશ્વર

પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨